

અમારા અવકાશયાનની બારીકરતાં યે પૃથ્વીનો ગોળો નાનો દેખાય છે. આ ટચૂકડા ગોળા પર વસતા આપણા સહુની વચ્ચે રાષ્ટ્રીય મતભેદો અને સરહદો હોવા છતાં આપણે બધા જ ખરેખર એક છીએ. આ સમજણ આપણી આસપાસના લોકોને સમજવામાં અને સંપથી રહેવામાં કોઈક પ્રકારે સહકારની ભાવના પ્રત્યે દોરી જશે એવી હું આશા રાખું છું.

ચંદ્રયાત્રી – કર્નલ બોરમેન

# દિવ્યદીપ

## * પ્રેમપુષ્પનો ભાર *

રાજકુમારના પ્રશંસકો અને મિત્રોએ એને સન્માનવા સુવર્ણના અલંકારોથી એને તોલવાનું વિચાર્યું. મોટા કાંટાનાં એક પલ્લુમાં કુમારને બેસાડ્યો. સામે બીજા પલ્લામાં એ એક પછી એક આભૂષણો ગોઠવતા ગયા પણ પલ્લું કેમે ય ન નમે.

ત્યાં શિયળની સુવાસથી જેનું મન તન પ્રસન્ન છે એવી કુમારની ધર્મપ્રિયા આવી ચઢી. આ મુંઝાયેલા પ્રશંસકોને જોઈ કરુણાથી એ દ્રવી ગઈ. એના હાથમાં તાજા ખીલેલ ગુલાબનું એક ફૂલ હતું તે એણે આભૂષણોના ઢગલા પર મૂક્યું અને પલ્લું ઝૂકી ગયું!

સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. ફૂલમાં આ તાકાત! હા, સ્ત્રીના હૃદયમાં રહેલ પ્રેમ, ભક્તિ અને શુદ્ધિથી એ અબળ સબળ છે.

– ચિત્રભાનુ

વર્ષ ૬ : અંક ૧–૨ : ઑગસ્ટ

# સહસ્ર નામ : ફાધર વોલેસ

ઈશ્વરને માણસે ભારે અન્યાય કર્યો છે. પોતાનું ચાલે ત્યાં સુધી માણસ પોતાની મેળે જ કામ ચલાવે છે. ઈશ્વરની મદદ માગતો નથી, યાદ પણ કરતો નથી. પણ વાત પોતાના હાથની બહાર જાય ત્યારે એ દોટ મૂકે છે, શરણે જાય છે, આજીજી કરે છે. તાત્કાલિક ભક્તિ. ખપ પૂરતો સંબંધ. બજારુ ધર્મ. માણસે ઈશ્વરને પોતાની સગવડનું સાધન બનાવ્યો છે, ધર્મને એક જાતનું 'ફરિયાદ ખાતું' સમજીને અપનાવ્યો છે. પોતાની શક્તિથી જે ન મેળવી શકે તે માટે ભગવાનને હાક મારે, દુઃખ અસહ્ય થાય ત્યારે ઈશ્વરેચ્છાનો મંત્ર ભણીને આશ્વાસન મેળવે; એટલે કે પોતે લાચાર હોય ત્યારે જ એ ધર્મનો ઉપયોગ કરે. માણસની નિર્બળતા જ માણસને ધર્મ તરફ વાળતી હોય એમ લાગે છે અને એ તો ધર્મનું ભારેમાં ભારે અપમાન કહેવાય.

જો ધર્મનો આધાર માણસની નિર્બળતા પર હોય તો માણસની શક્તિ વધે તેમ ધર્મની જરૂર ઓછી રહેશે. આદિ માનવ માટે ઘણા ભય હતા. કુદરત આગળ તે નિરુપાય હતો માટે એ તેને પૂજતો. વીજળી પડે તો એમાં દેવોનું વજ્ર જુએ. આજે પરિસ્થિતિ બદલાઈ છે. આધુનિક માનવી કુદરતને પલોટતાં શીખ્યો છે. વીજળી પડવાનો સંભવ હોય ત્યાં વીજળી-દંડ ઊભો કરે છે. હવે એ કુદરતની પૂજા કરતો નથી. બળિયાનો રોગચાળો ફાટી નીકળે ત્યારે એ દેવીની બાધા રાખતો નથી, શીતળા ટંકાવે છે. લાંબી સફરે ઊપડવાનો હોય તો મુહૂર્ત જોતો નથી, વીમો ઉતરાવે છે. આમ, માણસની જેમ શક્તિ વધી છે તેમ ધર્મનું ક્ષેત્ર ઓછું થયું છે. કુદરતનાં રહસ્યો માણસ ઠીક ઠીક જાણતો થયો છે. કુદરતનાં બળ પર કાબૂ મેળવવામાં ઠીક ઠીક સફળ થયો છે. બધું હાથમાં આવ્યું હોઈ હવે બીજાની પાસે જવાની જરૂર રહી નથી. હા, થોડા કનડતા પ્રશ્નો હજી રહે છે: મૃત્યુ છે, ને આફતો છે, ને ન સમજાય પણ ફરીફરી અનુભવાય એવી હૃદયની શૂન્યતા છે. પણ એનોયે નિકાલ કાળે કરીને થશે એવી આશા બાંધી શકાય. અને ત્યારે આખો ખેલ માણસના હાથમાં આવશે. પ્રાચીન કાળમાં માણસો ભગવાનનાં માનમાં ભવ્ય મંદિરો બાંધતા, આજે નાનાં સાદાં દેરાં બાંધે છે. વાત સૂચક છે. ભૂતકાળમાં માણસના જીવનમાં ધર્મનું સ્થાન મહત્ત્વનું હતું. આજે થોડું છે. અને કાલે...?

ધર્મને કેવળ નિર્બળતાનો ઉપાય સમજવાથી આ અનિષ્ટ પરિણામ આવ્યું છે. પણ એ સાચો ધર્મ નથી. સાચો ધર્મ ભિખારીની ભીખ નથી, ધનવાનનું ધન છે. દુઃખ ભુલાવવાનો કેફ નથી, દુઃખ પચાવવાની હિંમત છે. બાયલાનું આશ્વાસન નથી, શૂરવીરનું શૂર છે. સાચો ધર્મ એ ગરજમાં માગેલી પારકી મદદ નથી, દિલમાં અનુભવેલી નિત્ય-શક્તિ છે. ઈશ્વર એ પાઠમાં સમજણ ન પડે ત્યારે જેની પાસે જઇને ખુલાસો મગાય એવો શિક્ષક નથી, પણ જેને લીધે હું જે જે સમજું છું તે સમજું છું, ને જોઉં છું, ને જીવું છું અંતરતમ ચેતના છે. એ મારી નિર્બળતાની લાકડી નથી, મારી શક્તિનું સ્ફુરણ છે. મારું ન ચાલે ત્યારે જેની સહાય લેવી પડે એ નથી, પણ મારું જે કૈં ચાલે છે તે જેને લઇને ચાલે છે તે છે. પ્રાસંગિક મદદગાર નહિ, કાયમનો પ્રાણ છે. સગવડનું સાધન નહિ, જીવનનું હાર્દ છે. મહેમાન નહિ, અંતર્યામી છે.

નાનપણમાં છોકરાને કહીએ છીએ ખરા કે ભગવાન ઉપર બેઠો છેઃ ખોટું કરીએ તો સજા કરે, સારું કરીએ તો ઈનામ આપે; અરજી કરીએ તો વરદાન આપે. એ રીતે છોકરાના મનમાં ધર્મના પહેલા સંસ્કારો પડે. અને એ યોગ્ય પણ છે. પરંતુ છોકરો મોટો થાય, માણસ થાય, સ્વતંત્ર વિચાર કરતો થાય ત્યારે ધર્મનું આ માળખું એને હાસ્યાસ્પદ લાગે છે ને એ તે છોડી દે છે. સ્વાભાવિક છે. જેમ આદિ માનવનું પ્રાકૃત વલણ આજનો સંસ્કારી માનવી છોડે છે તેમ નાના છોકરાની કલ્પનાઓ પુખ્ત વયનો આદમી છોડે છે. પ્રશ્ન એ છે કે આ આધુનિક માણસને ને આ મોટા થએલા છોકરાને ધર્મનો અર્થ ને ઈશ્વરના ગુણ કેવી રીતે સમજાવીએ કે જેથી એ તે અપનાવીને એમાં જ એ પોતાના જીવનની સાર્થકતા જોઇ શકે.

જગવિખ્યાત માનસશાસ્ત્રી ઑલ્પોર્ટ લખે છે: 'જે માણસ ધર્મમાં પોતાના સ્વાર્થનું સાધન જુએ, પોતાની જરૂરિયાતો પૂરી પાડનાર યંત્ર જુએ, પોતાના સાચા પ્રશ્નો ઢાંકવા માટેનું આવરણ જુએ, પોતાનું દુઃખ ઉતારવા ઔષધ જુએ-તે ધર્મને (અને પોતાની જાતને) અન્યાય કરે છે. એનો એ 'ધર્મ' વહેલો મોડો છૂટી જશે. પણ ધર્મમાં જે સાધન નહિ પણ

[અનુસંધાન કવર ૪ ઉપર]

# ❋ આંતર વૈભવ ❋

( નોંધ : રોક્ષી થિયેટરમાં પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુએ શરુ કરેલ 'આંતર વૈભવ' પ્રવચન માળાનું તા. ૧૧–૮–૬૮ આપેલું પ્રવચન )

આત્મા દુ:ખી નથી, અજ્ઞાની નથી અને પાપી પણ નથી.

જે માને છે કે 'હું પાપી છું' તેની સામે જૈન દર્શને બીજો વિચાર આપ્યો. 'તું પાપી હોઈ શકે જ નહિ. જો તું ખુદ પાપી હોય, તારી બુનિયાદ જો પાપની હોય અને પાપ એ જ તારું જીવન અને સર્જન હોય તો તું પરમાત્મા કેમ બની શકે? જેનો તાણોવાણો પાપનો જ હોય એ કાપડ પાપનું જ હોવું જોઇએ. પણ ના, તારો તાણોવાણો તો દર્શન અને જ્ઞાનનો છે. એટલે પાપ તારાથી પર છે, બહારથી આવીને ભળેલું છે.'

"હું મરી જવાનો" એમ માનનારની સામે બીજું સત્ય આ છે: તું મરતો જ નથી, દુનિયામાં એવું કોઇ જ તત્ત્વ નથી જે તને ખતમ કરી શકે. પ્લેગ, કેન્સર, ટી. બી.; આ બધા રોગ શરીરને થાય છે તને નહીં, આત્માને નહીં.

માટે જ ઘણાને વળાવીને આવીએ, સ્મશાનમાં મૂકીને આવીએ, મરતાં જોઇએ તેમ છતાં ગભરાઇને જીવવાનો વિચાર માંડી નથી વાળતા. હસીને જીવીએ છીએ કારણ કે અંદર બેઠેલું તત્ત્વ કહે છે: ભલે કોઈને બાળી આવ્યો, કબરમાં દાટી આવ્યો, Tower of Silenceમાં મૂકી આવ્યો પણ હું મરતો નથી.

મનુષ્યના જીવનમાં બે જાતની વિચાર-ધારાઓ વહી રહી છે. આંખથી દેખી શકાય છે કે લોકો મરી રહ્યા છે પણ વ્યકિતમાં રહેલ આત્માને લાગતું નથી કે હું મરી જવાનો છું.

જો એમ લાગે કે હું મરી જવાનો છું તો રાતના ઊંઘ જ નહિ આવે.

કોઇને પૈસા ચૂકવવાના હોય, ચેક લખી આપો અને આગલે દિવસે ખબર પડે કે બેંકમાં balance નથી તો આખી રાત ઊંઘ આવે છે?

કોઈ કહે કે તમને ટી. બી. થયો છે તો કેટલો ગભરાટ છૂટે છે? ઊંઘ ઉડી જાય છે, નહિ?

તો, બધાને વિદાય આપીને આવનારો જીવે છે, હસે છે, ખુશીથી જીવે છે એનું કારણ એ કે શરીરમાં બેઠેલો જાણે છે કે જગતમાં મૃત્યુ દેખાય છે પણ આત્મામાં અમૃતત્વ પડેલું છે. આ અમૃતત્વની સુષુપ્ત મનમાં (sub conscious mind) રહેલી શ્રદ્ધાને કારણે, આત્માને થઇ ગયેલી પ્રતીતિને કારણે જ બીજા મરતા હોવા છતાં પોતે મરી જવાનો છે એમ નથી માનતો.

ઇલેકિટ્રક થાંભલા ઊભા કરતા પહેલાં ખાડા કરે, પછી થાંભલો મૂકી આસપાસ માટી, કાંકરાં, પથરા મૂકી ચાર જણા ભેગા થઇ થાંભલાને ખૂબ જોરજોરથી હલાવે. શા માટે હલાવે? કયાંક જરા પણ કાચું, ઢીલું રહી ન જાય નહિતર રાહદારીના જીવનું જોખમ. હલાવી હલાવીને ખાડો જરાક ઢીલો થાય એટલે વળી પથરા નાખે, કાંકરા ભરે અને ફરી હલાવે. એમ કરતાં કરતાં એવો મજબૂત કરી નાખે કે ચોવીસ જણા હલાવે તો ય મચક ન આપે.

એવી જ રીતે ધર્મનાં થાંભલાને પણ હૈયામાં રોપો. શંકાઓ કરીને, પ્રશ્નો પૂછીને એને હલાવતા જાઓ. તમને પૂર્ણ ખાતરી થવી જોઇએ કે હું જે માર્ગે જઈ રહ્યો છું એ માર્ગ સાચો છે—એ જ માર્ગ સાચો છે.

પ્રશ્નોથી માણસ સાચો ધર્મી બને છે.

જે ધર્મ શંકા કરવાની ના પાડે છે, પ્રશ્નો

પૂછવાની મના કરે છે એ તમને અજાણ્યા કૂવામાં ઉતારવાની વાત કરે છે.

શંકા ન કરો અને એમને એમ સ્વીકારી (accept) લો તો જીવનમાં કો'ક એવી પળ આવતાં આચકો લાગશે, અને શ્રદ્ધાનું તત્ત્વ બહાર નીકળી જશે. તમે ખાલી બની જશો.

શંકા કર્યા વિના, પ્રશ્નો પૂછયા વિના, જાણ્યા વિના ધર્મને સ્વીકારતો શું સાચો ધર્મી છે ?

તેજાબમાં મૂકયા વિના, કસોટી ઉપર ચઢાવ્યા વિના, બરાબર જોયા વિના જે સોનું લે છે તેને કોઇ પૂછે: આ સોનું છે ? એ ઉપરથી કદાચ 'હા' કહેશે પણ તરત મનમાં શંકા ઊભી થવાની. 'મેં બરાબર તપાસ તો કરાવી નથી, કદાચ રોલ્ડગોલ્ડ પણ હોય.

પણ જે બરાબર તપાસ કરીને લે છે એ તો છાતી ઠોકીને કહે છે: મેં બરાબર તપાસ કરીને લીધું છે, એમાં મને જરાય શંકા નથી.

પ્રશ્ન થાય કે જો હું આનંદમય છું, અમર છું તો આજે હું દુઃખી કેમ છું અને મરી કેમ જઇશ ? એનું કારણ જડનો સંગ છે. પુદ્ગલની ભાગીદારી છે.

સોનાની ખાણમાં સોનું અને ધૂળ સાથે મળેલાં છે, અનાદિકાળથી સાથે જ છે, છતાં સોનું સોનું છે અને ધૂળ ધૂળ છે. સાથે રહેવા છતાં પોતાના મૂળ સ્વભાવને ગુમાવ્યો નથી. બન્નેનું વ્યકિતત્વ ભિન્ન છે.

હા, પુરુષાર્થથી ધૂળને ધોઈધોઈને શુદ્ધ કરતાં ધૂળ એક બાજુ જાય છે અને સોનું હાથમાં આવે છે. આ આખો એક પુરુષાર્થનો ક્રિયા પ્રયોગ છે.

એવી રીતે આપણો આત્મા અનાદિકાળથી (infinite time) જડની સાથે, કર્મની સાથે, વાસના અને વૃત્તિઓની સાથે મળેલો છે છતાં પોતાનું સ્વતંત્ર વ્યકિતત્વ નથી ગુમાવ્યું. એનામાં રહેલ ગુણોને (quality) બહાર કાઢવા હોય, શુદ્ધ સ્વરૂપ પ્રગટાવું હોય તો પ્રયત્ન કરીને એની સાથેનું જડ તત્ત્વ દૂર કરવું પડશે.

શુદ્ધ કર્યા વિના ખાણમાંથી નીકળેલી ધૂળને સોનાના ભાવે વેચવા બેસે તો કોણ લે ?

માટે પુરુષાર્થ તો કરવો જ રહ્યો.

એક ફિલસૂફે જીવનની ચાર ભૂમિકા આપી.

ભૂલ કરે તે માનવ, ભૂલ કરીને હસે તે દાનવ, ભૂલ કરીને પશ્ચાતાપ કરે તે સજ્જન અને ભૂલમાંથી પ્રયત્નપૂર્વક કૂદકો મારી બહાર નીકળે તે મહામાનવ.

ભૂલ કરવી એ માનવીનો સ્વભાવ છે. એ ગમે તેટલો સાવધાન હોય, ઉપયોગ રાખતો હોય, છતાં કયાંક તો અકસ્માત થવાનો.

એટલે જ વીમા કંપનીઓ જીવી રહી છે. વીમા કંપનીઓ શું બતાવે છે? માણસનું perfection ગમે તેટલું હોવા છતાં પણ એના જીવનમાં ભૂલનો સંભવ છે.

જીવનદ્રષ્ટા ભૂલોને કરુણાભરી નજરથી જુએ છે: બિચારો માનવ છે, ભૂલ થઇ ગઈ છે, એને મારે હાથ આપીને ઉઠાવવાનો છે.

કીચડ ખૂબ થયું હોય, જમીન લીસી હોય ત્યારે પહેલવાન પણ લપસી જાય.

નબળી પળોમાં સારા સારા માણસો પ્રલોભનમાં આવી જાય છે. એ પ્રલોભન પછી પૈસાનું હોય કે સત્તાનું, પદવીનું હોય કે પશુતાનું. પતનની પળમાં માણસ નિર્બળ અને નિઃસત્ત્વ હોય છે.

Plato એ પશ્ન કર્યો: માણસ પ્રામાણિક છે પણ તે કયાં સુધી ? જ્યાં સુધી તમે એની કિંમત ચૂકવતા નથી, ત્યાં સુધી. તમે કિંમત

ચૂકવો પછી પ્રામાણિક કેટલો પ્રામાણિક છે તે જુઓ.

મોટા હોદ્દા પર રહેલાને પાંચ હજાર રૂપિયા આપો, એ લાંચ નહિ લે. કહે: ઊઠાવી જાઓ, મને લાંચ આપવા આવ્યા છો? પટાવાળાને બોલાવે, પોલીસ પાસે પકડાવે, છાપામાં આવે, જગજાહેર થાય. 'કેવો પ્રામાણિક અમલદાર! પાંચ હજારને ઠોકર મારી.'

બીજો જઈને પચાસની ઓફર કરે. પેલો કહે: તું મને જાણતો નથી? સી. આઇ. ડી. ને બોલાવી પકડાવે.

હજી એની પ્રામાણિકતાની કિંમત (value) ચૂકવી નથી. જરા આગળ વધો.

કોઈ પાંચ લાખ રૂપિયા લઈને આવે અને કહે: 'સાહેબ તમારો પગાર કેટલો?' 'બે હજાર.' 'વારુ, તમે નોકરી કરીને કેટલા વર્ષમાં પાંચ લાખ રૂપિયા મેળવી શકશો? વિચાર કરી જુઓ, વિચાર કરો, બીજું કાંઇ નહિ.'

પાંચ લાખ રૂપિયાનું વજન વધતું જાય. પ્રામાણિકતાનું પલ્લું ઉપર જતું દેખાય. બિચારી પ્રામાણિકતા વેચાઇ જાય.

પાંચ હજારમાં નહિ, પચાસ હજારમાં નહિ પાંચ લાખ પ્રામાણિકતાને ખરીદી શકે!

'માણસ પ્રામાણિક છે' એનો અર્થ એ કે એની પ્રામાણિકતાનાં મૂલ્ય ચૂકવનારો હજી સુધી એને મળ્યો નથી. મૂલ્ય ચૂકવનાર મળે છતાં પણ ન ચળે તો માનવું કે એને આત્માના અસ્તિત્વની પ્રતીતિ થઇ છે.

સામાન્ય રીતે તમે બહુ સારા છો પણ તમારા સારપની બરાબરીમાં ઊભી રહી શકે એવી કોઇ વસ્તુ જીવનમાં નથી આવી એટલે સારા!

તમારી પાસે લાખ રૂપિયાનો હીરો હોય અને એને કોઈ દસ હજારની ઓફર (offer) કરે તો શું કહો? 'ચાલ ચાલ, હવે ઊભો થઈ જા.' આગળ વધતાં નવાણું હજારની કરે ત્યારે પણ તમે કહી શકો: મને નવાણું હજારની offer હતી પણ મેં એને ઊભો રહેવા ન દીધો.

પણ એમ કદી બને કે સવા લાખ આપવા આવ્યો હતો તેમ છતાં પણ મેં ના પાડી!

પ્રલોભન ઓળંગીને બહાર આવે ત્યારે જાણવું કે એનામાં આત્મશ્રદ્ધાનો અને પરમ-પ્રકાશનો દીવો પ્રજવલી રહ્યો છે. એની આસપાસ હવે ગમે એવાં મૂલ્યો આવે પણ પોતાની નીતિ અને પ્રામાણિકતાને એ છોડવા તૈયાર નથી.

ભૂલ કરે તે માનવ. પણ ભૂલ કરીને જે હસે છે તે દાનવ છે. મનમાં રાજી થાય: "કેવી કુશળતાથી મેં ભૂલ કરી કે કોઇને ખબર પણ ન પડી."

ઘરાક પાસેથી પૂરા પૈસા લે પણ કાપડ એવું પધરાવે કે ધુએ ત્યારે રૂએ.

પૈસાના પ્રલોભન ખાતર હલકી વસ્તુ પધરાવવા બદલ પશ્ચાતાપ નથી પણ અભિમાનથી છાતી ફુલાવે છે.

ત્રીજો પણ પ્રકાર છે, જે ભૂલ કરીને રડે છે, મનમાં પશ્ચાતાપ કરે છે. મેં આ બહુ ખોટું કર્યું એવો આતાપ અનુભવે તે સજ્જન છે.

દુર્ગુણમાંથી બહાર આવી શકતો નથી પણ આવવાની તાલાવેલી છે. મનમાં દુઃખી છે, પોતાની નબળાઈઓ માટે જાગૃત છે, ફરીથી નબળાઈઓને વશ થઈને ભૂલ ન થાય એ માટે ઉપયોગ છે પણ નબળી પળોમાં નબળાઈઓ સામે ઝૂકી જાય છે. મનમાં રહેલ નિર્બળતાના તત્ત્વનો સામનો કરી શકતો નથી.

એ નમે છે, પડી જાય છે પણ એના મનના ઊંડાણમાં દુઃખ છે.

ભલે પડી ગયો, પણ પડી રહેવાનું નથી, ઊભા થઈ જવાનું છે. ઊભો નહિ થાઉં તો પાછળથી આવતી ગાડીઓ નીચે ચગદાઈ જઇશ.

પણ જે ભૂલમાંથી છલંગ મારીને બહાર નીકળી આવે છે એ તો મહામાનવ છે. આવા માનવોથી માનવજાત ઊજળી છે અને એમનામાંથી પ્રેરણા મેળવે છે.

કેનેડાના બગીચામાં ઝાડ નીચે એક યુવાન બેઠો બેઠો વિચારી રહ્યો હતો : જુગારી મિત્રો મળ્યા, ભણવામાં મન ન લાગ્યું. માબાપે જે થોડા પૈસા મોકલ્યા તે મેં વ્યસનોમાં એમના એમ ખરચી નાખ્યા. હવે આમાંથી હું બહાર કેવી રીતે આવું? જીવનથી થાકેલો યુવાન વિચાર કરતાં કરતાં આડો પડ્યો. પાસે નાની–શી સુવાકયોની એક ચોપડી પડી હતી. તેનું પાનું ખોલ્યું. વાકય વાંચ્યું :

"દૂરના અસ્પષ્ટ ભવિષ્ય તરફ નજર કરી અફસોસ કરે છે એનાં કરતાં નજીકનાં સ્પષ્ટ પદાર્થો સામે નજર કરીને આજની પળમાં ઊભો થઈ જા. અત્યારની આ પળમાં જ ઊભો થઈ જા. જે પળ તારા હાથમાં છે એ પળને તું ધન્ય બનાવ."

યુવાને વાચ્યું અને જાગૃત થયો. ઊભો થઇ ગયો અને કામે લાગ્યો. ધીમેધીમે આગળ વધતો વધતો એ ડૉકટર થયો. ઇંગ્લેન્ડમાં સંસ્થાઓ સ્થાપી અને સરનો એને ઇલકાબ મળ્યો. સર વિલિયમ વોલ્સકરનું જીવનચરિત્ર લખાયું.

વ્યસનોમાં પડેલો, બદીઓમાં ડૂબેલો, જુગારીઓમાં સમય પસાર કરનારો પચીસ વર્ષનો આ જુવાન એક વાકય વાંચી ઊભો થઇ ગયો. એવું જીવન જીવ્યો કે એની ૧૪૬૪ પાનાની જીવનકથા લખવામાં આવી. જુગારીના જીવનને આટલાં બધાં પાનાં રોકાયાં! એ કેવું જીવન જીવ્યો? માત્ર વર્તમાનને જોઇને આગળ વધતો ગયો. મનમાં એક જ સંકલ્પ કર્યો: જેમ બને તેમ હું વર્તમાનને, આજને સરસ રીતે જીવીશ.

માણસો ભવિષ્યનું આયોજન (Planning) કરે છે પણ વર્તમાનની ક્ષણોને નબળાઇઓથી ભરીને બેઠા છે. ભવિષ્ય માટે વિચારો બહુ સારા પણ વર્તમાનની વાતો કરો તો કહે: અત્યારે જવા દો; ભવિષ્યમાં અમારે અમારે ઘણાં ઘણાં સારાં કામ કરવા છે.

ઘડપણમાં અમારે આ જ કરવાનું છે. ધનપતિઓ શું કહે : અમારા થોડા problems છે એ પતિ જાય પછી દાન કરવું છે, આરામ લેવો છે, સેવા કરવી છે. પૂછો : અત્યારે? કહે: નહિ, હમણાં નહિ, ભવિષ્યમાં.

પાગલને ખબર નથી કે ભવિષ્યની પળ કોના હાથમાં છે? માણસના હાથમાં છે તે કરી શકતો નથી, કરતો નથી, અને જે નથી તે માટે ભાવિનાં સ્વપ્નાં સેવે છે, ઊંઘમાં જ જીવન પૂરું કરે છે.

આજની પળ ગઈકાલે ભવિષ્ય હતી અને એ જ પળ આવતી કાલે ભૂતકાળ થઇ જવાની છે. ગઈ કાલે જે ભવિષ્ય હતી તે પળ અને આવતી કાલે ભૂતકાળ થનારી પળ અત્યારે તો તમારા હાથમાં જ છે.

આ પળ જો ઉપયોગમાં ન લો, આ પળમાં જો સાવધાન ન બનો, આ પળમાં નબળાઇમાંથી બહાર ન આવી શકો તો માની લેજો કે તમે કદી પણ બહાર નથી આવવાના.

જે અત્યારે નથી આવતો એ કદી નથી આવી શકતો.

અત્યારે એને વિચાર આવ્યો, એનામાં બળ છે, સારા વિચાર કરી શકે છે અને મનમાં અભિપ્સા જાગી છે એ સમયે બહાર ન આવે તો ફરી તો એ કયારે આવવાનો છે?

જે પળ સામે આવીને ઊભી છે એ સ્પષ્ટ છે, તમારા હાથમાં છે. ભવિષ્ય ગમે તેટલું સુંદર હોય પણ અસ્પષ્ટ છે, હજી તમારા હાથમાં નથી.

ખલાસ થઈ ગયેલા, દટાઇ ગયેલા ભૂતકાળને યાદ કરીને પણ હવે શું કરવાનું છે?

અત્યારે રેશન ન મળતું હોય ત્યારે કરોડપતિ પિતાને યાદ કરે શું વળે? અત્યારે તો રેશનની દુકાને લાઈનમાં ઊભો રહીશ તો રેશન મળવાનું. પિતા કરોડપતિ હતા એ યાદ કરીને ઘરે બેસવાથી રેશન નહિ મળે. જે દટાઇ ગયું છે એને દટાઇ જવા દો.

પણ જે વર્તમાન છે, જે જીવંત છે એ આપણા હાથમાં છે. વર્તમાનમાં જે બનવું એ બની શકીએ તેમ છે કારણ કે એનામાં ચેતના ભરેલી છે.

જે કાંઈ કાર્ય કરવાનું છે એમાં હૃદય રેડવું પડે છે. જેમાં હૃદય રેડો છો એ જીવનમાં અમૃત બની જાય છે.

આજથી જ આ નિર્ણય થવો જોઇએ; 'આજને હું સુંદર બનાવું, હું મારી આજને બગડવા નહિ દઉં. કોઈ ખરાબ બોલશે તો હું એ કચરાને કાનમાં નહિ જવા દઉં, મારી સામે ગરમ થશે તો એની સામે હું ઠંડી તાકાતથી કામ લઈશ, મારી નિંદા કરશે તો સમજીશ કે ગામમાં ગટરો ઘણી છે, આવીને લૂંટી જશે તો બચાવ જરૂર કરીશ પણ હું મારા મનથી દુઃખી નહિ થાઉં.'

Live by day. એક એક દિવસથી જીવો. કહો: આજનો દિવસ મારે દુઃખી નથી બનાવવો. દુઃખ નથી ત્યાં કર્મબંધન ક્યાંથી?

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ ખરાબ અને ચિંતાજનક વિચારો છે. આ વિચારો આત્માના કાચને ધૂંધળો અને મેલો કરે છે.

બીજું કંઈ નહિ તો એટલું તો કરો કે "આજ તો મારે મારા આત્માનો કાચ ચોખ્ખો રાખવો છે." ખરાબ વિચાર નહિ, નબળા વિચાર નહિ, કોઇ પ્રત્યે ધિક્કાર નહિ ને ઈર્ષ્યા પણ નહિ.

આ રીતે તમારું અંદરનું તત્ત્વ એક દિવસ માટે સુંદર બનવાનું.

પછી તો ટેવ પડવાની, આજે સારા રહો તો કાલે પણ સારા રહેવાના. કાલે સારા તો પછી પરમદિવસે પણ સારા. સારા રહેવાની ટેવ પડી જાય.

એક પિતાએ દીકરાને ખૂબ ભણાવ્યો, સરસ રીતે તૈયાર કર્યો. એક દિવસ અભ્યાસખંડમાં બેઠા બેઠા દીકરો વિચારે છે : જીવનમાં કેટલી વસ્તુઓ ઉપયોગી છે, એનું લિસ્ટ બનાવું.

પહેલાં લખ્યું તંદુરસ્તી - શરીર સ્વસ્થ જોઇએ. પણ જીવનમાં કોઇ ચાહનાર ન હોય તો તંદુરસ્તીભર્યું જીવન પણ શુષ્ક લાગે. માટે પ્રેમ પણ જોઇએ.

માણસ પ્રિયજનને ચાહતો હોય પણ ખાવાનું ન હોય, રહેવા મકાન ન હોય તો માણસ દુઃખી થઇ જાય, આનંદ ઊડી જાય માટે સંપત્તિ પણ જોઇએ. સંપત્તિ હોય પણ જીવનની ગતાગમ ન હોય તો પશુ જેવો લાગે માટે આવડત જોઇએ.

આવડત હોય પણ શકિત ન હોય તો નમાલામાં ખપે એટલે થોડી શકિત પણ હોવી જોઇએ. એકલી શકિતથી ઘરમાં સુખ ક્યાંથી? એટલે સારાં છોકરાંઓ પણ જોઇએ. આ બધું હોય પણ ગામમાં કોઈ જાણે નહિ કે પૂછે નહિ એટલે આ બધાની સાથે કીર્તિ પણ હોવી જોઈએ.

હવે વધારે આમાં કાંઈ ઉમેરી શકાય તેમ નથી. જીવનની અનિવાર્ય જરૂરિયાતો આટલી જ છે.

મનમાં વિચાર્યું : જીવન અંગે મારી સમજદારી કેવી સુંદર અને ઉચ્ચ છે, તે લાવ

હું મારા પિતાજીને બતાવું. પૂછું : હવે આમાં કાંઈ ઉમેરવા જેવું છે ?

લિસ્ટ લઈને છાતી ફુલાવતો ફુલાવતો એ પિતા પાસે આવ્યો. લિસ્ટ આપ્યું, પૂછ્યું : પિતાજી દુનિયામાં આ સિવાય બીજી કોઈ વસ્તુ મેળવવાની બાકી છે ?

પિતાજી લિસ્ટ જોઈ ગયા. "બરાબર છે, પણ .... !"

હુંશિયાર દીકરો વિચાર કરવા લાગ્યો.

પિતાએ કહ્યું : "બેટા, ધ્યાન રાખજે. હું જે કહું છું એ બે શબ્દો ન હોય તો આ બધું ય નકામું છે, આ ફેંકી દેવાનું છે."

"ફેંકી દેવાનું ? બધું ફેંકી દેવાનું ?"

"હા, બધું ફેંકી દેવાનું"

"પિતાજી, એવી કઈ વસ્તુ છે ?"

એક જ વાક્ય લખ્યું : મનની શાંતિ !

"મનમાં શાંતિ ન હોય તો તગડા માણસો હેરાન થઈને ફરતા હોય છે. મગજમાં શાંતિ ન હોય તો પ્રિયજન પણ ન ગમે. પૈસો હોય પણ શાંતિ ન હોય તો એ રઘવાયો થઈને ફર્યા કરે શાંતિ વગરની આવડત પણ શું કામ આવે ?"

"સત્તા ગમે તેટલી હોય પણ એની સામે એને ઉથલાવી પાડવાના પ્રપંચો ચાલતા હોય તો એ સત્તા, એ હોદ્દો એને શાંતિ આપે ખરાં ? આખી દુનિયામાં કીર્તિ હોય પણ મનમાં શાંતિ નહિ હોય તો વિશ્વવ્યાપી કીર્તિ પણ સુખ નથી આપતી !"

"બેટા, તું દેશ અને પરદેશમાં ભણ્યો, હું નથી ભણ્યો. પણ આટલું કહેવા માગું છું : "બધું લખ પણ પહેલાં મનની શાંતિ (Peace of mind) લખ. બધું જોઈએ એ બરાબર પણ બધા પહેલાં મનની શાંતિ જોઈએ. મનની શાંતિ હોય તો આ બધું કામ લાગે. એ ન હોય તો આ બધું કાંઈ જ કામ ન લાગે."

વાત સાચી છે, મુદ્દાની વાત જ રહી ગઈ.

સીવતા પહેલાં ગાંઠ વાળવાનું ભૂલી જાય તો આખું સીવેલું નીકળી જ જાય. દરજીનો દીકરો પહેલાં શું શીખે ? પહેલાં ગાંઠ વાળે, પછી સીવે.

એમ જીવનમાં બધું મળે પણ મનની શાંતિ ન હોય તો બધું હોવા છતાં પણ એ સુખેથી જીવી શકતો નથી.

વાસનાઓ, વૃત્તિઓ અને વિકારોને લીધે મનની શાંતિ ડહોળાઈ જાય છે.

જીવનની યાત્રા મનની શાંતિ મેળવવા માટે જ છે ને ? આત્માને કર્મમાંથી મુકત કરવા માટે જ આ વિચારમાળા છે ને ?

(સંપૂર્ણ)

## માન–આદર

એક સમયે કોઈ ચિત્રકાર એકાદ મોટા માણસની ચિઠ્ઠી લઈ નેપોલિયન પાસે ગયો. નેપોલિયને એનાં ફાટેલાં–તૂટેલાં વસ્ત્રો જોઈ એનો બહુ જ ઓછો સત્કાર કર્યો અને આસનથી દૂર બેસવા કહ્યું. થોડી વાર વાતચીત કર્યા પછી ચિત્રકાર જ્યારે જવા લાગ્યો ત્યારે નેપોલિયને એની સાથે હાથ મિલાવ્યો અને ઠેઠ સુધી વળાવવા ગયો. 'માફ કરજો.' ચિત્રકારે ગભરાતાં ગભરાતાં પૂછ્યું, 'હું આવ્યો ત્યારે તો આપે મને દૂર બેસાડયો હતો અને કંઈ એટલું બધું માન પણ આપ્યું ન હતું, અને જતી વખતે આપે અહીં સુધી આવવાની તકલીફ કેમ લીધી ?' નેપોલિયને જવાબ આપ્યો : મિત્ર ! આવતી વખતે જે આદર આપવામાં આવે છે તે મનુષ્યનાં વસ્રો જોઈને અપાય છે, અને જતી વખતે જે માન આપવામાં આવે છે તે તેના ગુણ જોઈને અપાય છે.'

## "વજ્રબંધ પણ જસ બળ તૂટે
## સ્નેહતંતુથી તેહ નવ છૂટે."

આ વાત મુક્તિની પૂર્વભૂમિકામાં સત્ય છે. પણ સ્નેહ–તંતુથી છૂટ્યા પછીની ઉત્તર ભૂમિકામાં સત્યની ઝાંખી કો'ક ઑર જ થાય. ઓરડીથી વિહાર કર્યો ત્યારે હૈયું ભારે હતું, સ્નેહ–તંતુ ખેંચતાં હતાં, વિરહ, વેદના ઉત્પન્ન કરતો હતો; પણ વિહાર કરી ગામ બહાર આવ્યા, ભારે હૈયે વિદાય લીધી અને મજલ ચાલુ થઈ. બંધનો ધીમે ધીમે શિથિલ બનતાં ગયાં. જંગલની મુકત હવા સ્પર્શવા લાગી ત્યારે જ અનુભવ્યું કે બંધન કરતા મુકિતનો આનંદ કોઇ ઑર છે.

જેમ શિયાળાના દિવસોમાં પ્રભાતે સરિતામાં સ્નાન કરવા પડતાં પહેલાં ટાઢ વાય, બીક લાગે, ધ્રુજારી છૂટે પણ હિંમત કરીને પાણીમાં કૂદકો માર્યા પછી તરવાની કોઇ જુદી જ મજા આવે તેમ સ્નેહની રેશમી શાલમાં લપેટાયા હોઇએ ત્યાં સુધી તો કદાચ મુક્તિની ભવ્ય કલ્પના ય ન આવે અને આવે તો કલ્પનામાંથી જન્મેલી અનેક મૂંઝવણો પણ સાથે જ આવે. પણ મુકત બન્યા પછી જે આનંદ આવે છે, પ્રમોદથી જે હૈયું પુલકિત બને છે, ઊર્ધ્વગામી માનસમાં જે સ્વતંત્ર આંદોલનો આવે છે તે શું શબ્દોમાં વર્ણવી શકાય? કલમથી આલેખી શકાય?

સ્વતંત્ર આનંદની મઝા પણ સ્વતંત્ર જ હોય! એ કલમ કે શબ્દમાં બદ્ધ કેમ બને?

**પૂ. મુનિશ્રી ચિત્રભાનુની** જૂની નોંધપોથીમાંથી.

★

## ઉદ્‌બોધન

અનંત સમયથી સંસારનો પ્રત્યેક માર્ગ–ભૂલેલ રખડુ એક અમર આશા રાખીને વિશ્વમાં વિચરે છે: કોઈ પણ આંસુ લૂછવા નહિ હોય ત્યારે પણ કો'ક ભગિનીનો કે જનેતાનો કોમળ કર આંસુ લૂછવા હાજર જ હશે! એ નહિ પૂછે નામ કે નહિ પૂછે ગામ; નહિ પૂછે સંસ્કાર કે નહિ પૂછે ધનવૈભવ!

એ તો સુધરવાની ઇચ્છાવાળા બાંધવનાં આંસુ લૂછતાં મૌનવાણીમાં એટલું જ ઉચ્ચારશે: "ભાઈ! બહેનની લાજ રાખજે!"

આ વાણી ભલે ન સંભળાય પણ સ્પર્શે જરૂર. આ વાણી જેના હૈયાને સ્પર્શે તે પાપી મટી પુણ્યશાળી બને, પતિત મટી પાવન બને, અધમ મટી ઉદ્ધારક બને.

માતૃભાવ ને ભગિની ભાવ એ એવો પરમ પાવન ભાવ છે, જે સંસારના માર્ગભૂલેલાઓને માર્ગ પર લાવવા માટે એક કૃપાળુ ગુરુનું કામ કરે છે. જગતમાં જ્યારે આવો પરમ પાવન માતૃભાવ કે ભગિનીભાવ નહિ હોય ત્યારે માનજે કે વિશ્વમાં હવે "સાર" જેવું રહ્યું નથી.

**પૂ. મુનિશ્રી ચિત્રભાનુની** પત્રપોથીમાંથી

# ❋ જ્ઞાનસાર ❋

(પ્રવચનકાર : **પૂ. મુનિશ્રી ચિત્રભાનુ**)

## મગ્નાષ્ટક (૧)

प्रत्याहृत्येन्द्रिय व्यूहं, समाधाय मनो निजम्।
दधच्चिनमात्र विश्रान्तिं, मग्न इत्यभिधीयते॥

માણસને જીવનનો અર્થ જડતો નથી પણ પૂર્ણતા મેળવવી એ જ તો જીવનનો અર્થ છે.

જીવો છો, ખાઓ છો, મળો છો, કામ કરો છો, ઊંઘો છો પણ એ બધું કરતાં કરતાં પૂર્ણ બનવાનું છે. નજર સમક્ષ પૂર્ણતા એ ધ્યેય બની રહેવું જોઇએ.

આ ધ્યેય ન હોય અને માણસ ભૂખ્યો રહેતો હોય, ઊંધે માથે શીર્ષાસન કરતો હોય, પંચઅગ્નિ વચ્ચે તપ કરતો હોય તો ય તે વ્યર્થ છે. ધ્યેયની અનુભૂતિ વિના બધું જ કાયાકષ્ટ અને કાયાકલેશમાં ખપી જાય છે.

કમઠે અજ્ઞાનથી તપશ્ચર્યા કરતાં કરતાં જીવનને ખલાસ કરી નાખ્યું, પણ વળ્યું શું? ભગવાન પાર્શ્વનાથે કહ્યું.

"દયા ધર્મકા મૂલ હૈ"

અજ્ઞાનથી તું તારું તપ પ્રજવાળે છે.

ઉપવાસીને એટલો ખ્યાલ હોય છે કે આજે મારે નથી ખાવું. પણ એટલું જ જ્ઞાન પૂરતું નથી. પૂર્ણતાનું જ્ઞાન હોવું જોઈએ. તપથી પૂર્ણ બનવાનું છે એ ન ભુલાવું જોઇએ.

આ દૃષ્ટિ વિનાની બધી ક્રિયા છાર ઉપર લીંપણ બરાબર છે. એક પડ ઉખડતાં બધાં પડ ઉખડવા માંડે. સાચી દૃષ્ટિ વિનાની બધી ક્રિયા અજ્ઞાન નહિ તો બીજું શું છે?

નિર્ણય કરો કે મારે પૂર્ણ બનવું છે.

બાળપણમાં ચિત્રકળાના શિક્ષક કહેતા કે એક સરસ સંપૂર્ણ મીંડું કરી આપ. હું મોર ચીતરતો, કાગડા ચીતરતો. તો કહે નહિ, પક્ષી નથી જોઇતાં, આકાર પણ નથી જોઈતો, માત્ર એક સુંદર પૂર્ણ કરી આપ.

સુંદર ગોળ આકાર કરવો એમાં જ તો માણસની એકાગ્રતાની અને હાથ ઉપરના કાબૂની ખૂબી છે. પંખી અને હાથી દોરી શકાય, લીટીઓ પણ દોરી શકાય પણ ગોળ આકાર કરવો જરા મુશ્કેલ છે. હાથને જરાક આંચકો લાગ્યો, નાનકડી ભૂલ થઈ તો પૂર્ણ અપૂર્ણ બની જાય.

જે પૂર્ણની આકૃતિ દોરે એ બીજી આકૃતિઓ કેમ ન દોરી શકે? ચિત્ર જગતમાં પૂર્ણની વિશિષ્ટતા છે.

એમ જીવનમાં પણ પૂર્ણતાની મહત્તા છે. પૂર્ણ બનવું એ જ જીવનનો ઉદ્દેશ છે. પુરુષાર્થ કરવો એ મારો ધર્મ છે.

પૂર્ણતા સાધ્ય છે તો એ સાધ્યને પ્રાપ્ત કરવાના સાધનો કયાં?

પૂર્ણતા અને મગ્નતા વચ્ચે સાધ્ય સાધનનો સંબંધ છે. સાધનો દ્વારા સાધ્યને પહોંચવાનું છે. તમે જે કાંઇ ક્રિયા કરો છો એ બધાં સાધન છે, સાધ્ય નથી.

આજે મોટો ભાગ સાધનમાં અટવાઈ ગયો છે.

"સાધન સહુ બંધન થયાં, રહ્યો ઉપાય ન એક."

જેટલાં બધાં સાધન હતાં એ જ બંધન થઈ ગયાં. કેમકે એણે કોઇ દિવસ સાધ્યનો જ વિચાર કર્યો નથી. સાધ્ય વિસરાયું, સાધન હાથમાં રહી ગયું, એનો કદી વિચાર સૂઝયો નથી.

જે સાધક સાધન સાધ્યનો વિવેક કરે છે તેને પ્રવૃત્તિઓ ગળે નથી વળગતી પણ ગળે વળગેલી પ્રવૃત્તિઓમાંથી મુકત થાય છે.

જે ગળે વળગ્યું છે એમાંથી તો છુટાતું નથી અને ઉપરથી પ્રવૃત્તિને ગળે વળગાડી દઈએ છીએ. એક તો ગળે વળગ્યું હતું એમાં તેં આ બીજો વળગાડ કયાં ઊભો કર્યો?

આ બે વચ્ચેનું અંતર સૂક્ષ્મ છે, સમજવું મુશ્કેલ છે.

પૂજા બંધન થઈ શકે, ગુરુ બંધન થઇ શકે અને પ્રવચનનું શ્રવણ કરવું એ પણ બંધન થઈ શકે.

આ તો અમૃત ઝેર થઈ જાય એવી વાત છે, માનવામાં આવશે?

જે પહેલવહેલાં સરળ હૃદયે ધર્મ કરવા આવ્યા હતા એ સરળતા મૂકીને પાછળથી મૂર્તિને પકડી બેઠા, મહારાજને પકડી બેઠા, પક્ષને પકડી બેઠા.

મનથી નક્કી કરે કે આ શાંતિનાથની મૂર્તિ મારી છે, એમની પૂજા હું જ કરું. પૂજા કરવા માટે ઘી બોલે, પૂજા કરવા જતાં જો બીજો આવીને પૂજા કરી જાય તો જુઓ એનો પિત્તો?

'આ ભગવાન મારા છે, ઘી હું બોલ્યો છું તો તું કેમ આવીને ટીલી કરી ગયો?'

પૂજા શા માટે છે? ગરમ થવા કે ઠંડા થવા? બહારથી લાવેલી ગરમી મૂકીને ઠંડા થવા કે અંદર આવીને નવી ગરમી ભરવા? શાંત મૂર્તિના દર્શન કરી શાંતિ અનુભવવા કે રાડો પાડીને શાંતિમાં અશાંતિ ભરવા?

પૂજા કરતાં કરતાં ગરમ થયો ત્યાં પૂજા બંધન થઈ ગયું.

કોઇ દિવસ ઉપાશ્રયે ન આવતો હોય, સાધુ પાસે ન જતો હોય એ સાધુના સમાગમમાં આવે. સાધુનો પરિચય થાય, એમની પાસે બેસતો થાય, ધીમેધીમે સાધુ પ્રત્યે મમત્વ જાગે. સાધુને જ પકડે. બધે ઝંડો લઇને ફર્યા કરે 'બસ, આ જ મારા ગુરુ, આ જ સાચા સાધુ.' તત્ત્વ બાજુમાં રહી જાય, હૃદયની સરસતા ગુમાવી બેસે, સાધના એક બાજુમાં ફેંકાઈ જાય. બીજા કોઈનું સાંભળે ય નહિ અને સાંભળે તો દોષ કાઢવા.

અજ્ઞાની, તું સમજતો નથી. બજારમાં હતો ત્યાં દુકાન, ભાઈબંધો, સ્વજનો બધું લઈને બેઠો હતો. એમાંથી મુક્ત થવા અહીં આવ્યો અને અહીં આવીને સાધુના ગચ્છ અને સંપ્રદાયને પકડી બેઠો! આત્માને જાણવા આવ્યો હતો કે સાધુને પકડવા?

અહીંથી જઇશ ત્યારે તારા ગચ્છના આ મહારાજ જોડે આવવાના છે? ત્યાં તો નવેસરથી શરુ કરવાનું છે. જેના પ્રત્યે મમત્વ થયું એ ત્યાં મળશે નહિ અને જે મળશે એમના પ્રત્યે સમત્વ છે નહિ, કેવી મુશીબત ઊભી થશે!

એક આચાર્યના વ્યાખ્યાનમાં નિયમિત આવનારા ભાઈ, એ મહારાજ ગયા પછી કોઈ દિવસ દેખાય નહિ. પૂછયું કેમ? તો કહે: હવે અમારા આચાર્ય મહારાજ આવશે ત્યારે જરૂર આવીશું. અમુક આચાર્ય કે સાધુ હોય તો જ પ્રવચનમાં જવું, એ ન હોય તો જવાનું બંધ! તો ભલા, તારે જ્ઞાન સાથે, સાધના સાથે, અંદર કાંઇક ભરવા સાથે કામ છે કે પછી વ્યકિત સાથે? જે વ્યકિતમાં ગુંચવાયો એ તત્વથી દૂર થયો.

વ્યાખ્યાન આત્માની પિછાન માટે છે, દુર્ગુણો પ્રત્યે સલક્ષ્ય બનવા માટે છે, મગજને સુંદર વિચારોથી ભરવા માટે છે. પણ જો વ્યાખ્યાનમાં જવું એ માત્ર ટેવ બની જાય, માત્ર જવા ખાતર જવાનું થાય, નહિ જાઉં તો સમાજ શું ધારશે? એ બીકે જવાનું થાય તો એમાં જાગૃતિ કેમ આવે? ધર્મશ્રવણ એક રૂઢિ બની જાય. એને વ્યાખ્યાન બંધનમાંથી મુકત નથી કરાવતું પણ વ્યાખ્યાન જ નવું બંધન બની જાય છે.

જોજો, ભગવાનની, સાધુની, સંપ્રદાયોની કે પક્ષની મારામારીમાં સત્ય ગોપવાઈ ન જાય! બધું અહીં રહી જવાનું છે, તારે એકલાને જ ઊપડી જવાનું છે.

જ્ઞાનથી ગાંઠ શિથિલ થવી જોઈએ. ગાંઠ બે જાતની હોય છે. એક, છેડો ખેંચ્યો એટલે આખી ગાંઠ ખૂલી જાય અને બીજી, છેડો ખેંચતા જાઓ તેમ ગાંઠ મજબૂત થતી જાય.

મમત્વી કહેશે: મારી ગાંઠ એવી છે કે જેમ ખેંચો એમ પકડ વધતી જાય.

પણ સમત્વી કહેશે: ભાઈ, સંસારમાં જીવીએ છીએ ત્યાં સુધી ગાંઠ હોય પણ આ ગાંઠ એવી કે જરા ખેંચે એટલે એકદમ ખૂલી જાય.

જે જાગૃતિપૂર્વક શ્રવણ કરે છે એ સંસારમાં ભાગાભાગ નથી કરતો, સંસારમાં બેઠો હોય પણ ગાંઠ એવી વાળી હોય કે જરાક ખેંચો એટલે છૂટીને મુકત બની જાય.

મુકત બનવાની કળા એ જ ધર્મકળા છે. ધર્મશ્રવણમાં મુકિતની અભિરુચિ મુખ્ય છે.

મોટાભાગે એક જ ગાંઠ દેતા શિખ્યા છે. 'દીધા પછી ખૂલે જ નહિ.' ગાંઠ મનમાં છે. આ એક માનસિક અવસ્થા છે.

પણ જેને આ ગાંઠ જ દેવી ન પડે એનું નામ નિર્ગ્રંથ. ગાંઠ વગરનો તે નિર્ગ્રંથ.

ભગવાન મહાવીરના પગલે ચાલનારા સાચા સાધુઓ જ નિર્ગ્રંથ કહેવાય.

પણ જેને હજી ગાંઠો છે એ કદાચ હુંશિયાર હોઈ શકે, બુદ્ધિશાળી હોઈ શકે, અનેક ક્રિયા વિધિનો કર્તા હોઈ શકે, પ્રખર વકતા પણ હોઇ શકે, પણ એ નિર્ગ્રંથ ન હોઇ શકે.

નિર્ગ્રંથને તો ગાંઠ જ નહિ. કોઈના પ્રત્યે રાગ પણ નહિ અને દ્વેષ પણ નહિ. એકાંતમાં પણ નહિ અને જાહેરમાં પણ નહિ.

એવા પણ આત્માઓ છે જે જાહેરમાં ગ્રંથિ વગરના દેખાય પણ એકાંતમાં ગ્રંથિઓ જ ગ્રંથિ. પોતાના ભકતોની સાથે, અંગત માણસો સાથે ગાંઠો બાંધતા જ હોય.

ગાંઠ આખરે તો ગાંઠ જ છે ને? પછી એ ગમે ત્યાં બાંધો, સંસારમાં કે સાધુપણામાં. જ્યાં સુધી આ સમજાય નહિ ત્યાં સુધી આ બધું પ્રદર્શન છે.

આપણે નિર્ગ્રંથ બનવું છે. વિચારીને, સમજીને, વારંવાર મનન કરીને, સમાજના સંસ્કારોને લીધે મગજમાં જે ગાંઠો પડી ગઇ છે એમને કાઢીને નિર્ગ્રંથ બનવાનું છે.

હા, આપણે આજે સંપૂર્ણ નિર્ગ્રંથ ન બની શકીએ પણ નિર્ગ્રંથને પગલે પગલે ચાલીને ગાંઠ શિથિલ તો જરૂર કરી શકીએ ને! જ્યારે ખોલવા માગીએ ત્યારે ખોલીને મુકત બની શકીએ.

જે ગાંઠ વગરનો છે એ ભગવાન મહાવીરને માર્ગે સંપૂર્ણ રીતે ચાલનારો સાચો સાધક છે.

જેની ગાંઠ ખોલવા માંગે ત્યારે ખૂલી જાય એવી શિથિલ છે એ સંસાર અને સાધુતાની વચ્ચે છે. એની ગરગર ગાંઠ ખોલવા માગે ત્યારે ખૂલી જાય એવી છે.

પણ જે એવી ગાંઠ મારે કે છૂટે જ નહિ એ આત્મા મિથ્યાત્વમાં પડેલો છે.

સાધન બંધન ન થાય, સાધન વડે ગાંઠ ન પડી જાય માટે સાધનને સાધનરૂપે સમજવાનું છે. આખર તો બધાં જ સાધન સાધ્યની પ્રાપ્તિ માટે છે.

અરિહંત પદ, સિદ્ધ પદ, મોક્ષ પદ, એ આપણું સાધ્ય છે, એ જ પૂર્ણતા છે.

સાધનો અનંત છે.

એમ ન માનશો કે જે પૂજા કરે છે એ જ તરી જવાનો અને જે નથી કરતો એ ડૂબી જવાનો. ભલા આદમી, એ કદાચ એવું કાંઇ જુદું કરતો હોય જે તને ખબર ન પણ હોય. કોઇ ચૂપચાપ બેઠો બેઠો અંદર આરાધના કરતો હોય, તપશ્ચર્યા કરતો હોય, પશ્ચાત્તાપ કરતો કરતો હોય અને સાધનામાં આગળ વધતો હોય, તેની તને શી ખબર ?

તપસ્વીએ એમ આગ્રહ ન રાખવો કે "પૂજામાં શું વળવાનું ? રોજ જઇ જઇને દેરાસરમાં ભગવાન આગળ શું કર્યા કરો છો ?"

"યોગ અસંખ્ય જિન વર કહ્યા." સાધ્યને પહોંચવાના માર્ગ એક નહિ, પણ અસંખ્ય છે. વિકાસ માર્ગના પગથિયાં તો ગણી ન શકાય એટલાં છે.

જ્યારે સાધનોની વિપુલતા અને વિશાળતા સમજાય છે પછી કોઇને ભાંડવાનું, ઓછા ગણવાનું કે ઊતારી પાડવાનું રહેતું નથી.

હું બે વાર પ્રતિક્રમણ કરું, ધર્મક્રિયા કરું, તપ કરું એટલે સારો અને બીજા બધાં ખાનારા નકામાં. એમ નહિ. કોઈકવાર ખાનારો પણ આગળ વધી જાય.

પિત્તના રોગથી પિડાતા કુરગડુ મુનિને ઘડો ભરીને ભાત ખાવા જોઇએ. પર્યુષણના દિવસો આવ્યા. કોઇએ આઠ કર્યા, કોઈએ ઉપવાસ કર્યો, કોઇએ આંબિલ; પણ કુરગડુ મુનિને ક્ષુધાવેદનીય કર્મના ઉદયે ખાધા વિના ન ચાલે. મુનિ ખાય છે પણ મુખમાં અન્ન છે, મનમાં પશ્ચાત્તાપ. ચિત્તમાં અનુતાપ છે, હૃદયમાં દુઃખ છે. વિચારે છે કે મેં કેવાં કર્મ બાંધ્યાં કે ખાધા વિના ચાલતું નથી ? અંતરથી તપસ્વીઓને એ ઝૂકી ઝૂકીને નમે છે. 'આ કેવા પવિત્ર, નિર્મળ અને શુદ્ધ આત્માઓ છે જેમણે તપશ્ચર્યા આદરી છે અને હું, અભાગી ખાવા બેઠો છું.'

ચીકણામાં ચીકણા કર્મને ખપાવવા માટે ઉત્તમ સાધન તપ છે. તપ તારે પણ ક્યારે ? તપની સાથે શાંતિ, ક્ષમા, સહન કરવાની શકિત આવતી જાય તો તપની શકિત બમણી થઇ જાય. તપને અને ક્ષમાને મૈત્રી છે, તપ અને ક્રોધને વેર છે. તેમ છતાં આશ્ચર્ય છે ને કે તપ અને ક્રોધ સાથે રહે છે.

તપસ્વી મુનિઓએ શું વિચાર્યું ? 'આ સાધુકેવો ભૂખારવો છે, આજે પર્યુષણના દિવસે પણ ખાવાનું છોડતો નથી.'

શરીરથી નહિ, મનથી પાપ બાંધ્યાં. શરીરને પાપ કરવાની મર્યાદા (limit) છે પણ મનને કોઇ મર્યાદા જ નથી.

ખાઈ ખાઈને શરીર કેટલું ખાય ? એક, બે, પાંચ કે દસ વાટકા. બસ ! બહુ થયું. ત્યાં મર્યાદા આવી ગઇ. પણ મનથી તો કઢાઇઓ સાફ કરી શકો. કારણ કે ત્યાં ખાવું પડતું નથી.

તનની સાથે મનને પણ જોતાં રહેવાનું છે. મનને સ્વસ્થ અને નિર્મળ રાખવાનું છે. એ કોઇ ખરાબ વિચારોની જાળમાં પકડાઈ ન જાય તે માટે જાગૃત રહેવાનું છે.

શું થયું ? તપસ્વીઓ રહી ગયા અને કુરગડુને એંઠે મોઠે કેવળજ્ઞાન થયું. ભાત મોઢામાં અને કેવળજ્ઞાન આત્મામાં.

કેવળજ્ઞાન અમુક સ્થાનમાં જ થાય એવું નથી. નવકાર મંત્ર ઉપાશ્રયમાં જ સંભળાવાય એવું પણ નથી. ઉકરડામાં પડેલા કૂતરાને પણ સંભળાવાય. મહત્તા સ્થળની નહિ, મનના વિચારોની છે.

જે તપથી કર્મ ખપે, આત્મા કંચન જેવો ઉજ્જવળ બને એ તપ કરવા છતાં બીજા માટે મનમાં અશુભ વિચારો કર્યા, ઉપેક્ષા કરી તો નવા કર્મ બાંધ્યાં. જે ખાવાથી ભોગાવળી કર્મ બંધાય,

પાપ બંધાય એ ખાવા છતાં એનો ઉપયોગ જુદી દિશામાં હતો, એ જાગૃત હતો, એ તરી ગયો.

આ દૃષ્ટાંતો નિર્બળતાના ટેકા માટે નથી પણ નિર્બળને સબળ બનાવવા માટે છે.

દુનિયામાં કોઈ વસ્તુ ખરાબ નથી. વસ્તુને ખરાબ કહેવી એ આપણી સમજણમાં રહેલી ખરાબી બતાવે છે. સમજણમાંથી સડો જાય પછી સાધનને વખોડવાનું નહિ રહે. જે સાધનને વખોડે છે એ સાધક તરફ નજર નથી નાખતો. સાધન ખરાબ નથી, સાધક ખરાબ છે.

સાધનની ઉપયોગિતા જ્યાં સુધી સાધક વિચારે નહિ ત્યાં સુધી સાધનમાં રહેલી શકિત એને પ્રાપ્ત નથી થતી.

પૂર્ણતારૂપી સાધ્યને પ્રાપ્ત કરવા મગ્નતારૂપી સાધનની જરૂર છે.

મનને સમાધાનમાં લાવવા માટે દોડતી ઇંદ્રિયોને પાછી બોલાવવાની છે.

ઇંદ્રિયોનો સ્વભાવ જ્યાં આકર્ષણ મળ્યું ત્યાં દોડે. પ્રલોભન આકર્ષક છે. ઇંદ્રિયો આકર્ષાય એટલે એ બાજુ દોડે.

દોડતા ઘોડાની લગામ ખેંચો કે ઘોડો તરત ઊભો રહી જાય. એમ મનદંડ, વચનદંડ અને કાયદંડ વડે દોડતી ઇંદ્રિયોને ઊભી રાખવાની છે.

ઇંદ્રિયોનો સમૂહ છે, પાંચ ઇંદ્રિયો અને એના ઉપર મન બેઠું છે.

આ ઇંદ્રિયોનું એક બીજાની સાથે સંધાન (collaboration) છે.

આંખ કહે કે હું પદાર્થને જોઇ લઉં તો સ્પર્શેન્દ્રિય કહે કે હું ભોગવી લઉં, નાક કહે કે હું સૂંઘી લઉં તો જીભ કહે કે હું ચાખી લઉં. એક ઇંદ્રિયના જોડાણથી બાકીની ચારે ઇંદ્રિયો ભોગવવા ભેગી થઈ જાય. જોડાણ એક સાથે પણ સંબંધ બધા સાથે. કામ એક ઇંદ્રિય કરે પણ પાછળથી બાકીની ઇંદ્રિયો જોડાઇ જાય. Sleeping partner ની જેમ ચૂપ બેઠેલી ઇંદ્રિય પણ રસ મેળવી લે છે.

આંખ જોઈ આવે. તમે કહો, માત્ર આંખે જોયું, એમાં શું થયું ? પણ મળ્યું બધાને.

આ ઇંદ્રિયોનો સમૂહ એકત્રિત થઇને આત્મા ઉપર આક્રમણ કરે, આત્મપ્રકાશને આવૃત્ત કરે. આ ઇંદ્રિય સમૂહના કાવતરાંને ઊથલાવી પાડો તો મનમાં સમાધાન તરત થાય.

જ્યાં સુધી ઇંદ્રિયો શાંત ન થાય ત્યાં સુધી મનમાં સમાધાન થતું નથી.

આંખ આમ તેમ દોડતી હોય, કાન કંઇક સાંભળવા ઊંચાનીચા થતા હોય, જીભ સ્વાદ લેવા સળવળતી હોય અને શરીર ગમે તેમ ડોલતું હોય તો મન શાંત કેમ બેસે ?

ધ્યાનની મહત્તા શું છે?

પદ્માસન લગાવીને બેસી જાઓ, શરીરને નિશ્ચળ બનાવો. આંખોને બંધ નહિ, પણ અર્ધ-ઉન્મીલિત રાખો; અડધામાં બાહ્ય જગત દેખાય અને અડધામાં આંતરદૃષ્ટિ. બાહ્ય અને આંતર જગતની વચ્ચે તમે રહી શકો.

બારણાની વચ્ચે દીપક મૂકો તો એનું અજવાળું અંદર પણ પડે અને બહાર પણ પડે. સંસ્કૃતમાં એને 'देहलि न्याय' કહેવામાં આવે છે.

એમ ધ્યાન ધરતી વખતે અર્ધઉન્મીલિત નયન રાખો. અંદર પણ નહિ, બહાર પણ નહિ, પણ બન્નેની વચ્ચે સમતુલ અવસ્થા પ્રાપ્ત થાય.

આંખો સંપૂર્ણ બંધ રહે તો માત્ર અંધકાર અનુભવે, સંપૂર્ણ ખુલ્લી રહે તો અનેકમાં અટવાઇ જાય.

શરીર ઉપર કાબૂ આવતાં ધીમેધીમે બધી ઇંદ્રિયોને ખેંચીને બેસાડે.

છોકરું દોડાદોડ કરતું હોય તો બાપા ટિંગા-ટોળી કરીને લઇ આવે. બાળમંદિરમાં ન જતું

હોય તો મા સાથે જાય, બાળકની સાથે બેસીને પણ બાળકને બેસાડે. બાળક બેસતું થાય પછી મા ઊઠી જાય.

એમ મનને સમાધાનમાં લાવવા માટે ઇંદ્રિયોને શાંત કરીને એક સ્થાનમાં બેસાડવી પડે છે.

બીજાના મનને નહિ, પોતાના મનને સમાધાનમાં લાવવાનું છે, બીજાને સુધારવાની ઉતાવળ નથી.

વ્યાખ્યાનકારને વ્યાખ્યાન દેતાં દેતાં જે ફાયદો થાય છે એ કદાચ બીજાને થાય કે નહિ તે ખબર નથી. એ તો વિચારે કે હું મારો સ્વાધ્યાય કરું છું, હું કંઈ બીજાને જ સુધારવા વ્યાખ્યાન નથી દેતો.

વક્તાને એકાંતે લાભ છે, શ્રોતાને લાભ થાય પણ ખરો અને ન પણ થાય. શ્રોતા એકાગ્ર હોય તો લાભ થાય પણ એનું જો મન ભટકતું હોય તો ન પણ થાય. પણ વક્તાને તો લાભ થાય જ છે. કારણ કે એટલીવાર એને એકાગ્રતા રાખવી પડે છે, ઉપયોગ રાખવો પડે છે, જાગૃત રહેવું પડે છે અને મનના બધા પરિણામોને એક વિષયમાં કેન્દ્રિત કરવાં પડે છે.

અધ્યાપકે તો વિષયમાં આરપાર થઈને વિષયને વિદ્યાર્થીઓના હૃદયમાં ઉતારવો જ રહ્યો. પચાસ વિદ્યાર્થીના વર્ગમાં માત્ર પંદર એકાગ્ર બનીને સમજતા હોય અને બાકીના બધા ચેષ્ટા જ કરતા હોય ત્યારે અધ્યાપક વિચારે કે મારે પંદર સાથે જ સંબંધ છે, એ જ મારા ઘરાક છે, સાચા લેનારા છે અને એમની ખાતર પણ મારે વિચારીને શ્રેષ્ઠ વસ્તુ આપવાની છે.

બધા શ્રોતાઓમાં થોડાક સાચા જિજ્ઞાસુ સાધક, એકાગ્રતાથી શ્રવણ કરનારા હોય તો એમની ખાતર પણ વિષયને ન્યાય આપવાનો રહે.

મન જેટલીવાર ઉપયોગમાં રહે, વિચારની પુનરાવૃત્તિ કરે એટલી વાર ઇંદ્રિયો એની મેળે કાબૂમાં આવી જાય.

તમે જે કાર્ય કરો એ એકાગ્ર બનીને કરશો તો જોશો કે તમારી ઇંદ્રિયો પણ સહજ રીતે જ એકાગ્ર બની જવાની. જેનું મન સમાધાનવાળું થયું એના વ્યક્તિત્વનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. પણ જેનું મન માકડા જેવું એ જગતમાં શું સમાધાન ઊભું કરશે ?

શાંત મનની મીઠાશ દુનિયામાં કોઈ જાણતું નથી.

અશાંત મનની ટેવ છે એટલે હડીઓ કાઢવામાં, કૂદકા મારવામાં, રઘવાયા થઈને દોડાદોડ કરવામાં જ સુખ માન્યું છે. જેણે શાંતિ નથી માણી એ અશાંતિ સિવાય શું ઊભું કરે?

મન સમાધાનમાં નથી એ જ મોટું દુઃખ છે. મનને ચેન નથી, એણે તમને પરેશાન કરી નાખ્યા છે.

સુખ માટે માનવી અંધારાની અંદર ફાંફાં મારે, પણ એ કદી એમ વિચારે છે કે આટલું બધું મળ્યું તો સુખ નથી મળ્યું તો હવે બીજું વધારે મળે એમાં સુખ કેવી રીતે મળવાનું ?

પૈસો મળ્યો, ભોગ ભોગવી નાખ્યા, નામના મળી પણ સુખ તો તારાથી દૂર ભાગ્યું જાય છે.

જે વખતે તારામાં યુવાની હતી, સમતુલા રાખવાની શક્તિ હતી એ વખતે સુખ ન મળ્યું તો હવે ઘડપણમાં જ્યારે યાદ રાખવા માટે નોંધ કરવી પડે છે, કામના ધક્કાઓથી મન અને મગજની tape ઘસાતી જાય છે ત્યારે દોડીદોડીને શું સુખ મેળવવાનો છે ?

આ વાત સમજાય છે ? નથી સમજાતી. સમજવી બહુ મુશ્કેલ છે.

'કાલે વ્યાખ્યાનમાં આવીશ' એવો સંકલ્પ કરનારની કાલ આવી જ નહિ, એને તો કયાંક પ્રમુખ તરીકે દોડવાનું હશે, હારતોરાનો ભાર સ્વીકારવાનો હશે, સેક્રેટરી બનીને આમંત્રિત મહેમાનોને આવકારવાના હશે; એની કાલ કયાંથી આવે ?

'કાલ'માં ને 'કાળ'માં એ ચાલ્યો જાય છે, જીવન એળે જાય છે.

પહેલાં પોતાની પંચાત કરતો હતો, હવે ગામની પંચાત લઈને બેઠો છે. એને શાંતિ કયાંથી ?

બે પગમાં હાડકું ભરાવીને હાડકું ચૂસતો કૂતરો પોતાને દુનિયાનો રાજા માને છે. તમે નજીક જાઓ તો ઘુરકિયું કરે. 'આ મારું સુખ, આ મારું સ્વર્ગ, કોઈ લૂંટી જશે તો ?'

કૂતરું હાડકું ચૂસે છે કારણ કે એને એમાં સ્વાદ લાગે છે. રસ નથી ત્યાં કોઈ ચૂસતું નથી. નાનામાં નાની કીડી પણ જાણે છે કે સાકરમાં સ્વાદ છે એટલે ત્યાં દોડો. અને રાખમાં સ્વાદ નથી એટલે ત્યાંથી ભાગો.

પણ હાડકામાં તો નથી રસ કે નથી સ્વાદ. સ્વાદ આવ્યો કયાંથી ?

કૂતરું હાડકું એટલા જોરથી ચૂસે છે કે હાડકું એના નાજુક તાળવામાં વાગતાં તાળવામાંથી લોહી નીકળે છે. પોતાનું જ લોહી હાડકા પર લાગતાં કૂતરું એના ઉપર જીભ ફેરવે અને માને કે હાડકું સ્વાદવાળું છે.

આ અજ્ઞાન છે, હાડકામાં સ્વાદ કયાંથી ? સ્વાદ તો તારા જ તાળવામાંથી નીકળેલા લોહીમાં છે. ખબર નથી એટલે જ સૂકા કટકામાં સુખ માનીને પકડી બેઠો છે.

કૂતરું જે સમજતું નથી તે તમે સમજો છો પણ તમે જે સમજતા નથી તે સર્વજ્ઞો સમજે છે. આટલો જ ફેર છે.

વ્યક્તિઓ વસ્તુઓ ઉપર મમતા આરોપિત કરીને સુખ મેળવવા ચાહે છે, સ્વજનોને સુખી બનાવવા ઈચ્છે છે પણ પોતાની શી હાલત છે તે ન વિચારે.

સુખી કુટુંબમાં એક ભાઈ મરણપથારીએ હતા. પાંચ દીકરાઓને બોલાવ્યા, કહ્યું: તમે એમ ન માનશો કે તમારા પિતાએ તમારે માટે કાંઈ કર્યું નથી. એક જ મકાનમાં તમારે માટે પાંચ ફ્લેટ રાખ્યા છે જેથી તમે જુદા ન પડો; અહીંથી દેશમાં જાઓ તો ત્યાં પણ એવી જ ગોઠવણ કરી છે. પાંચ દાબડાઓમાં ઝવેરાત રાખ્યું છે જેથી તમારે ઝઘડા ન કરવા પડે. તમને કોઈ જાતનું દુઃખ ન પડે એની બધી ગોઠવણ કરી છે અને કોરા કાગળો પર સહી પણ કરી રાખી છે.

દીકરાઓનો વિચાર કર્યો પણ પોતાનો વિચાર નહિ. કયાં જવાનો તેનો વિચાર જ નહિ. છેલ્લી ઘડી સુધી જીવ દીકરાઓમાં જ રહ્યો.

મમતાની આ દોરી તૂટતી જ નથી, ખેંચાણ બહુ જબરજસ્ત છે. છેલ્લી ઘડી સુધી એને આરામ નથી.

એક બીજી રીતે પણ કહી શકે: પચાસ વર્ષ સાથે રહ્યા, હવે હું જાઉં છું, સંપીને આનંદથી રહેજો, મારી પાછળ કકળાટ કરશો નહિ. કયાંક મળ્યા હતા તો અહીં ભેટો થયો, વળી પાછા કયાંક મળીશું.

મનુષ્યજીવન આવી તૈયારી કરવા માટે છે. પણ જેણે કર્તવ્યને બદલે મમત્વની મૂર્છાથી બધું મારું માન્યું; પત્ની મારી, દીકરા મારા, ઘર મારું અને વાડી મારી, એને પૂછો: તું કોનો ?

જેને ખાતર કમાયો, ઘસાયો, પરસેવો પાડીને એકઠું કર્યું એ દીકરાઓ પિતાનું જેટલું અપમાન કરે છે એટલું બીજા કરે તો?

સમાજમાં આવકાર મળે, પૂછે, સલાહ લે અને ઘરમાં દીકરાઓ શું કહે?

Mind your own business. તમારે અમારામાં માથું મારવું નહિ.

પિતા જાય કયાં? મન વાળવું પડે, સહન કરવું પડે.

મમતા આરોપિત કરીને સાંજે ઘેર જાય અને ઉપરથી દીકરાને કહે: 'મારા તરફથી ખોટું લાગ્યું?'.

ભૂલ કોની? ખોટું કોણે લગાડયું?

હા, ભૂલ પિતાની જ હતી. એની મમતા એનું મમત્ત એ જ એની ભૂલ.

જગતના વિવિધ પાસા જોવા મળે છે. દીકરો યુરોપ ભણવા જાય. ત્યાં લગ્ન કરે, પિતાને અંધારામાં રાખે. કાગળમાં લખે જ જાય, 'હું થોડા સમયમાં નીકળીને આવું છું.' અહીં એના માબાપ ત્રણ ત્રણ વર્ષ સુધી રાહ જોયા કરે. ત્યાં યુરોપ જઈ આવેલા સ્નેહી આવીને કહે કે તમારો પૌત્ર બહુ રૂપાળો છે, હું રમાડીને આવ્યો!

આ સાંભળી એ ભડકી જાય. આંખ ઊઘડે પણ હવે શું બોલે? દીકરાને પુછાવે ત્યારે ડાહ્યો અને શાણો દીકરો શું લખે? 'તમને દુઃખ ન થાય માટે મેં આ વાત આટલા વર્ષ સુધી જણાવી નહોતી.'

માતાપિતા વિચારે: અમારા દીકરાને અમારે માટે કેવી લાગણી છે, અમારા પ્રત્યે કેવી ભકિત છે; અમને દુઃખ ન થાય માટે બિચારાએ આટલા વર્ષ સુધી આ વેદનાને સહન કરી અને લખ્યું નહિ.

મમતા ઊંધાને સીધું બેસાડી દે.

હવે એ બાપ, દાદો થયો એટલે પૌત્ર માટે ભેગું કરવા લાગે. મમતામાં જોર બમણું લગાવે.

આમ એ બીજા માટે વિચાર કરશે પણ પોતાના માટે કાંઇ જ નહિ.

જ્યાંથી તમે બંધ કરો છો ત્યાંથી જ્ઞાનસાર શરુ કરે છે.

જ્ઞાનસાર શું છે? તારો જ વિચાર તને કરાવનાર શાસ્ત્ર.

તું વિચારતો નથી કે તું કેમ આ રીતે હેરાન થાય છે? તું કોને માટે ઉજાગરા કરે છે? તું કેમ આટલો દુઃખી થઈ ગયો છે? તું કોને માટે આ વૈતરું કરે છે? દીકરા ખોટા કે તું ખોટો? તું આ વૈતરાં કર્તવ્યબુદ્ધિથી કરે છે કે મમતાથી? કર્તવ્યબુદ્ધિ હોય તો તું બીજા માટે શું કરે છે?

શીખ ગુરુ ગોવિંદસિંહના ચાર ચાર દીકરાઓને મારી નાખવામાં આવ્યા, દીવાલમાં ચણી નાખ્યા.

પત્ની ઉદાસ છે, આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે. માતા નિઃસંતાન થઈ ગઈ.

ગોવિંદસિંહે વિચાર કર્યો કે વરસાદના જોરદાર ઝાપટાં આવતાં હોય ત્યારે છત્રી ખોલવામાં મજા નથી, છત્રી કાગડો થઇ જાય, હવાના ઝપાટામાં ઊંધી વળી જાય.

માણસના મન અને મગજ ઉપર ક્રોધ કે મોહનું ઝાપટું ચઢી આવ્યું હોય ત્યારે ઉપદેશની અસર અવળી થાય. ઉપદેશ કયારે દેવો એ પણ જાણવું પડે.

માણસનું મગજ ગરમ હોય, રાડારાડ કરતો હોય ત્યારે સાધુ ઉપદેશ દેવા આવે તો શું, કહે?

'મહારાજ, તમે તમારું કામ કરો, મારા કામમાં માથાફોડ નહિ.

જેને પોતાનો જ ખ્યાલ નથી એને સાધુ સામે ઊભા હોય તેનો ખ્યાલ કયાંથી? એ વખતે

સારી વાતની કિંમત કરવા જેટલી સમજણ કે અક્કલ એની પાસે છે જ નહિ.

મોહમાં રડતી પત્નીની આંખમાંથી આંસુ ખલાસ થયાં. પત્નીએ પતિને પૂછ્યું : તમે કેમ રડતા નથી ?

ગુરુ ગોવિંદસિંહે કહ્યું : સારો નાવિક પવન બદલાય તો શઢ બદલી નાખે છે નહિ તો વહાણની ગતિ બદલાય. શઢની દોરી હાથમાં જ રાખે, જરૂર પડે ત્યારે દોરી ખોલી બીજી બાજુ ફેરવી નાખે.

કાળના પ્રવાહમાં, વિશ્વ જીવનમાં નિમિત્તોનો પ્રવાહ વહી રહ્યો છે. કલ્પના ન કરી શકાય એવા અકસ્માતો બને છે.

એવી આ દુનિયામાં મનની દિશા, મનની ગતિ બદલવા સતત તૈયાર રહેવું જોઇએ.

દરેક બનાવનું કારણ શોધવા જાઓ તો કારણ મળતું નથી પણ કારણ વિના કોઇ જ વસ્તુ બનતી નથી.

Pascal કહે છે : The heart has its reasons which reason cannot define. દરેક વિચાર, દરેક પ્રવૃત્તિની પાછળ અજ્ઞાત મનમાં કારણ પડ્યું છે પણ એનો બુદ્ધિ જવાબ આપી શકતી નથી.

અકસ્માત પાછળ નિમિત્ત પડ્યું છે પણ એને સમજાવી શકાતું નથી.

ન ધારેલું, ન કલ્પેલું બનવાનો સંભવ છે, એટલે જ શઢ બદલવા માટે તૈયારી હોવી જોઇએ.

"આપણા દીકરા ચાલ્યા ગયા, ઘર ખાલી પડયું તો આવતી કાલથી ગામના નિરાધાર દીકરાને તારા માની લે. એમને મા મળશે, તને દીકરા મળશે. જરાક મનનો શઢ બદલ.

"આજ સુધી તું તારા દીકરાને પોતાના માનતી હતી, હવે તું જગતના બધા દીકરાને તારા માન. એમની ખબર લે, એમને માટે કાંઇ કર."

વાત બહુ આકરી છે. 'જગતના દીકરાઓની મા બનવું.' મન કેમ તૈયાર થાય !

કરોળિયાની જેમ જીવ મમતાની લાળ કાઢે છે અને એમાંથી જાળ બનાવે. એ જ જાળમાં ફસાયેલો જીવ ન સુકૃત કરે, ન જીવનનું ભાથું બાંધે. જાળમાં જ જીવન પૂરું કરે.

જે પુનર્જન્મમાં નથી માનતા એમને માટે આ વાત નથી. જેના જીવનની યાત્રા પ્રસૂતિગૃહ (Nursing home)થી શરુ થઇ અને સ્મશાન (cemetry)માં પૂરી થઇ એને તત્ત્વજ્ઞાનની શી જરૂર ? એણે તો ખાધું, પીધું અને મરી ગયા. જીવન પૂર્ણ થયું. જે જીવનને પંચાંગ (calendar)થી માપે છે એ કહેશે : "આ જ્ઞાનસાર સાંભળીને શું કરીએ?" જેને સૂઝ નથી, સમજ નથી એને આત્મજ્ઞાન શા કામનું ?

જે અનંતયાત્રાને માને છે, જેને તત્ત્વજ્ઞાન આ લોક અને પરલોક વચ્ચેનો સેતુ છે જેની દૃષ્ટિ મરણથી પેલે પાર જુએ છે, જે માને છે કે કયાંક છૂટા પડ્યા હતા તે અહીં ભેગા થયા અને હવે અહીંથી છૂટા પડી કયાંક પાછા ભેગા થશું, એને માટે આ વાત છે.

આ જીવ બહુ લાંબી મુસાફરી કરીને આવ્યો છે. એટલો ભટકયો છે, એટલો ચાલ્યો છે, એટલા બધા ગામડાં ખેડ્યાં છે કે હવે એને વિશ્રાંતિની જરૂર છે.

ટ્રેઈનમાં લાંબી મુસાફરી કરનારને મોટું જંકશન આવે ત્યારે થોડો સમય આરામ કરવા વિશ્રાંતિગૃહ (waiting room) તૈયાર જ હોય છે.

અનાદિકાળથી ભમતા આ જીવને પણ આરામની જરૂર છે. જીવને આરામ કયાં મળશે ?

દુનિયામાં ક્યાં ય આરામ નથી. જ્યાં જાઓ ત્યાં હરીફાઈ, ઉપાધિઓ, ચિંતા, મારા–તારાના ઝઘડા પડેલા છે.

થોડા દિવસ આરામ કરવા બહારગામ જાઓ તો સારી હોટલની પસંદગી કરો છો ને? એમ આ જીવ માટે વિશ્રાંતિગૃહની જરૂર છે.

જ્ઞાનનું વિશ્રાંતિગૃહ છે. માત્ર જ્ઞાનમાં જ વિશ્રાંતિ ધારણ કરતો આત્મા લીન બને છે, મગ્ન બને છે.

દુનિયામાં આરામ કરવાનાં સ્થળો અનેક છે પણ ત્યાં આરામ નથી. મનને ચેન ન હોય તો સ્થળોમાં ચેન કેમ પડે? માટે જ્ઞાનમાં સ્થિર થાઓ.

સિનેમામાં જાઓ, ત્રણ કલાક બેસો, સમય પૂરો થાય, ઘરે આવો ત્યાં મિત્ર બીજા સિનેમાની ટિકિટ લઇ આવે. તમારામાં ઉત્સાહ હોય, આંખ સારી હોય, લોહી ગરમ હોય તો તૈયાર થઈ જાઓ. બે સિનેમા પૂરા થાય. ત્યાં ત્રીજો મિત્ર આવે, ખૂબ આગ્રહ કરે. કદાચ તમે જાઓ, પણ પછી જુઓ કે બીજો દિવસ કેવો જાય છે!

કોઇ દુર્ભાગી ચાર ખેલ જોઇને આવે તો એની અવસ્થા તો જોવા જેવી જ થાય.

પણ જ્ઞાનમાં આખી જિંદગી કાઢી નાખો પણ થાક નહિ.

જ્ઞાનનો રસ ચાખ્યો નથી. એકવાર જ્ઞાનમાં લાગી જાઓ તો આ માનવજીવન પણ ટૂંકું લાગે, સમયની કિંમત સમજાય.

મહાપુરુષોએ વિચારરત્નો આપ્યાં છે.

વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક Newton એ ખૂબ શોધખોળ કરી. જ્યારે જવાનો દિવસ આવ્યો ત્યારે કહ્યું:

આ સંસાર મહાસાગરના કિનારે હું તો છીપલાં સંઘરનારો એક બાળક હતો. મોતી તો તળિયે છે. ડૂબકી મારનાર મરજીવાને એ જરૂર મળશે.

જ્ઞાનસાગરમાંથી મોતી કોને મળે? મરજીવાને. જે જીવતો જીવતો મરવાની તૈયારી કરી રાખે એ મરજીવો.

જે કિનારે બેઠો બેઠો કહે કે મળે તો ઠીક છે એ છીપલાં લઇને જ પાછો આવશે. ડૂબકી મારે તો જ મોતી મેળવે.

જે જ્ઞાનના માર્ગે જાય છે, એ કોઇથી ભય પામતા નથી, અભયના અજવાળામાં ચાલ્યા જતા હોય છે.

મોટી મોટી શોધ કરનારો કહેતો નથી કે "મેં તો ખૂબ વાંચ્યું, આખી લાઇબ્રરી વાંચી નાખી, હવે વાંચવા જેવું શું બાકી છે!"

જ્ઞાનમાં વિશ્રાંતિ ધારણ કરનારના મનમાં સમાધાન આવી જાય છે અને સમાધાન પ્રાપ્ત થતાં ચૈતન્ય સ્વમાં જ લીન અને મગ્ન બને છે, જ્યાં આનંદની પરમ સુખમય અનુભૂતિ થાય છે.

(સંપૂર્ણ)

---

**નોંધ:**–દિવ્યદીપનાં ચોથા તથા પાંચમાં વર્ષની લવાજમની રસીદો તથા લવાજમ ભરવા માટે આપેલી રસીદ બુકો જેની પાસે રહી ગઈ હોય તો તે સંસ્થાને વહેલી પહોંચાડવા વિનંતિ છે.

**–તંત્રીઓ**

---

**: લવાજમ ભરવાનાં સ્થળો :**

૧. મેઘરાજ પુસ્તક ભંડાર,
ગોડીજી ચાલ નં. ૧
ગુલાલવાડી, મુંબઇ ૨.

૨. માલતી બહેન
C/o. શ્રી વસંતલાલ વ્રજલાલ ગાંધી,
ગાંધી બંગલો, ઝવેર રોડ,
મુલુન્ડ, મુંબઈ–૮૦.

# ❋ પાવાપુરીમાં દિવ્ય દર્શન ❋

રૂપ કલકત્તા છોડીને પિતાશ્રીને મળવા નીકળી પડયા. પાલિતાણા પહોંચતાં પહેલાં જગત વત્સલ અહિંસા મૂર્તિ ભગવાન મહાવીર સ્વામીની પવિત્ર નિર્વાણ ભૂમિનાં દર્શન કરવાની ભાવના થઈ.

રૂપના મનમાં ઊંડે ઊંડે થતું હતું કે આ બધી દોડધામ પછી લાવ, શાંતિ લઉં. મનમાં વિચારો આવતા કે રાજકારણ સારું કે સાધુત્વ સારું ? દુનિયા માટે કરું કે આત્મા માટે? નેતા બનું કે સાધુ ? આ વિચારોના મંથનમાં રૂપ પાવાપુરી આવી પહોંચ્યા.

આ પવિત્ર ભૂમિ જ્યાં ભગવાન મહાવીર સ્વામીએ જગતને છેલ્લી દેશના સંભળાવી, એનું વર્ણન કરવું તે સામાન્ય માનવી માટે અસામાન્ય જેવું જ છે.

આ પવિત્ર પાવાપુરી બિહાર શરીફ સ્ટેશનથી સાત માઈલ દૂર છે અને સુંદર રમણીય સરોવરની વચ્ચે દેદીપ્યમાન મંદિર છે.

રૂપાળી ચાંદની રાત્રિએ રૂપ આ મંદિરના દર્શને આવ્યા હતા. ચંદ્રિકા પ્રકાશ પાથરી રહી હતી. આ રમણીય સરોવરનાં નીર, અર્ધવિકસિત કમળો, આરસના મંદિરનો ભવ્ય પડછાયો, આકાશમાં ઝગમગતા તારલિયા, નૈસર્ગિક સૌંદર્યમાં સુવાસ ભરતાં જળકમળો પ્રકૃતિનું એક અવર્ણનીય હૃદયંગમ દૃશ્ય ઊભુ કરતાં હતાં. રૂપને આ સૌંદર્યભૂમિમાં ચિંતનનો અપૂર્વ સમય સાંપડયો.

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણની એ રાત્રિ રૂપના જ્ઞાનનયનો સમક્ષ જીવંત બની. એમનું ચિત્ત જીવનની લાંબી શોધ પછીની પ્રાપ્તિથી પરિતૃપ્તિ અનુભવી રહ્યું હતું.

રૂપના ચિત્તની સહજ અવસ્થામાં એક દૃશ્ય આવ્યું અને ગયું પણ અખંડ જયોત પ્રગટાવી ગયું. રૂપને વિચાર કરતો કરી મૂકયો. પ્રકાશ ક્યાંથી આવ્યો ? આવો દિવ્ય અવાજ કોનો હશે ? આ ધ્વનિમિશ્રિત પ્રકાશ પાછળ શું રહસ્ય હશે ?

રૂપ તો આ અવર્ણનીય અદ્‌ભુત પ્રકાશ અને દિવ્ય અવાજ પાછળ શું સત્ય છે તે શોધવા અંદર ડૂબકી મારી ગયો: "વેદકતા વેદક લહે, બીજા બેઠા વા ખાય." આ દિવ્યદર્શનનું વર્ણન ન હોય, માત્ર અનુભૂતિ જ કરવાની હોય.

રૂપને ચાંદી જેવી એ રૂપાળી રાત્રિએ પ્રભુના પવિત્ર ચરણકમળની પાદુકામાંથી એક દિવ્ય, રૂપેરી, ઝગમગતો તેજ લિસોટો પ્રકાશ પાથરી ઉપર જતો દેખાયો. આ પ્રકાશ છૂપો-ઊંડો–પણ પ્રેરણાના કેન્દ્ર સુધી સંકેત કરી ગયો : પ્રવાસી ! તારે આ દિવ્ય પ્રકાશની કેડીએ પ્રયાણ કરવાનું છે. જાગ, જાગ ! તારી કલ્યાણયાત્રા એમાં જ યશસ્વી બનનાર છે.

આ આધ્યાત્મિક પ્રકાશના તેજલિસોટામાં બાહ્ય પ્રકૃતિનું સૌંદર્ય જાણે કે સાથ પૂરવા લાગ્યું. અત્યાર સુધી રૂપના અંતરમાં છુપાયેલી ભાવનાઓને સંપૂર્ણ રીતે પ્રગટ થવા માટેની પ્રેરણા મળી. ધીમે ધીમે આધ્યાત્મિક સાધનામાં ભરતી આવવા લાગી. રૂપના આત્માના ઉર્ધ્વનને ગતિ મળી, વેગ મળ્યો.

પવિત્ર પાવાપુરીના મંદિરમાં મેળવેલા પ્રકાશે એનો બુદ્ધિવાદનો અવરોધ ગાળી નાખ્યો.

મનમાં–ચિત્તમાં–અંતરમાં શાંતિ વ્યાપી ગઈ. અંતરમાંથી નાદ નીકળ્યો, 'હે પ્રભુ ! તારા સ્વરૂપની ઝાંખી માત્રથી નહિ ચાલે, તું મને તારા શુદ્ધ સ્વરૂપનું પૂર્ણ દર્શન કરાવ.' આ વિચારોમાં રૂપ એટલો બધો ઊંડો ઉતરતો ગયો કે દેહ અને સમયનું ભાન વિસ્મૃત થતું ગયું.

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ભિન્ન ભિન્ન પ્રકારની ઉચ્ચતર અનુભૂતિઓના અધિકારી બનતો ગયો.

રૂપના નિષ્ઠાભર્યા પુરુષાર્થથી સત્ય અને પ્રકાશનો અનુભવ અવશ્ય થયો.. પ્રકાશની ઝાંખીથી દિવ્યઆનંદના ઓઘ ઉછળવા લાગ્યા. અંતરનું વાતાવરણ દિવ્યતાથી મઘમઘી રહ્યું. એ દિવ્ય પ્રકાશ અને દિવ્ય અવાજ પાછળ કોઈ દિવ્ય શકિત માર્ગ ચીંધી રહી હોય એવી અનુભૂતિ થઈ. રૂપના કાનમાં અદૃશ્ય સંગીતના મધુર સૂરો ગુંજી રહ્યા.

વિચારોની પરંપરા શરુ થઈ અને મનમાં હર્ષ સાથે વાતચીત કરવા લાગ્યા. 'હે મન! તું અંધકારમાંથી પ્રકાશમાં આવ અને આ પરમ તત્ત્વને પામી લે. ભલે ષડદર્શનમાં ઘૂમી વળ પણ આ પરમ તત્ત્વ ત્યાંથી નહિ મળે. સૂત્રો અને મંત્રોમાંથી પણ નહિ મળે. તું તને ઓળખ અને તારામાં તું સ્થિર થા. જે સુષુપ્ત છે તે જગાડ. બહાર શોધવા કરતાં અંદર શોધ.' આ અનુભૂતિથી રૂપરાજેન્દ્ર દિવ્ય ભાવોથી ભાવિત થઇ ગયો :

**આ માત્ર પ્રશ્નો અને ઉત્તર નથી પણ** અનુભવની એરણ પર ચડવાનું છે. પોતાનામાં સ્વાનુભૂતિ કરવાની છે. સ્વમાં ડૂબકી મારવાની છે.

આ અનુભવ પછી પોતાનું સર્વસ્વ તેના ચરણોમાં સમર્પિત કરી ઓગળી જવની ભાવના જાગી.

પૂર્ણ પૂર્ણિમાની ધવલ રાત્રિએ અને નૂતન પ્રભાતે રૂપને અદ્દભુત પ્રકાશ મળી ગયો. રૂપના મનમાં આધ્યાત્મિક માર્ગે જવાની તાલાવેલી તો હતી જ પરંતુ આ પ્રકાશથી અંતરના દ્વાર ઊઘડી ગયાં. મનમાં સચોટ પ્રતીતિ થઇ કે સંસારના આ વર્તુળની અંદર પણ સદાચારનું આચરણ થઇ શકે છે અને મનમાં ઉદ્દભવેલા પ્રશ્નોના નિરાકરણમાં એનો વિનિયોગ થઇ શકે છે. તેમ છતાં પણ જેને પરમતત્ત્વ સાધવું છે તેને તો આ બધામાંથી અલિપ્ત થઇ નવો જ માર્ગ ગ્રહણ કરવો જોઇએ.

પાવાપુરીમાં સ્પષ્ટ અનુભૂતિ થતા બસ, આ પળે, આ ઘડીએ રૂપે નક્કી કર્યું કે ભગવાન મને બોલાવે છે, એમની સાથે મારે એકતા છે.

પૂ. આચાર્ય વિજયભકિત સૂરીશ્વરજીના સમાગમમાં આવતા દીક્ષા લેવાનો વિચાર જાગ્યો તે પાવાપુરીમાં સંકલ્પાત્મક થયો.

તાજેતરમાં બહાર પાડનાર
**પૂ. મુનિશ્રી ચિત્રભાનુના**
'જીવન સૌરભ'માંથી

---

શ્રી ભૂદેવ મુખોપાધ્યાએ પોતાના પિતાની સ્મૃતિમાં 'વિશ્વનાથ ફંડ'ની સ્થાપના કરી હતી. આ ફંડમાંથી અરજીપત્ર વિના વિદ્વાનોને દર વર્ષે પચાસ રૂપિયાની મદદ આપવામાં આવતી હતી.

આ ફંડની પ્રથમ વર્ષની સહાયની વિગત 'ઍજ્યુકેશન ગેઝેટ'માં પ્રકાશિત કરાવવા માટે કર્મચારીએ એક સૂચિ બનાવી, તેનું મથાળું આપ્યું: આ વર્ષે જે અધ્યાપકો અને વિદ્વાનોને 'વિશ્વનાથ સહાય' આપવામાં આવી તેમની નામાવલી.

ભૂદેવ બાબુએ આ જોયું તો નારાજ થઇ ગયા, અને કહ્યું: "તમે આ શું કર્યું ભાઈ? એને આ રીતે લખો—'આ વર્ષે જે અધ્યાપકો અને વિદ્વાનોએ 'વિશ્વનાથ સહાય' સ્વીકારવાની કૃપા કરી છે, તેમની નામાવલિ."

# અમારા અંગ્રેજી પુસ્તકોનો સત્કાર

વિશ્વભરમાં જે સંસ્થાનાં આકર્ષક પુસ્તકો, કલામય ચિત્રથી શોભતા માસિકો, પાક્ષિક અને અઠવાડિકનો લાખોનો ફેલાવો છે એ યુનિટી સ્કૂલ ઓફ ક્રિશ્ચ્યાનીટિના ગ્રન્થાલયના વિદ્વાન ગ્રન્થપાલનો આ એક પત્ર છે. દર વર્ષે લાખો પુસ્તકો જેના હાથમાંથી પસાર થાય છે એવા વિશાળ વાચન ધરાવતા માનવના મનને પણ આપણાં પુસ્તકો રોકી લે છે ત્યારે આપણને થાય કે આ આધ્યાત્મિક સંસ્કૃતિમાં કેવું અમૃત ભર્યું છે કે આ પરદેશીઓનાં મન પણ વાંચતા ધરાય જ નહિ.

Thank you for your letter of May 2, and the two books 'Lotus Bloom' and 'The Beacon'. The books have arrived in good condition and are a valuable addition to our library.

A few years ago we received "Fountain of Inspiration" also by Chitrabhanu, and I recall being greatly moved by his thoughts and his skill in writing them beautifully. So these two new books are greatly appreciated.

Are these the only three books he has written to date? We would want to order any we do not have.

Please convey my personal regards to Munishri for the inspiration he has given. I am reading 'Lotus Bloom' at home.

with prayerful blessings
Harold Whaley,
Librarian,
Unity School of Christianity.

★

તમારો બીજી મેનો પત્ર અને તમે મોકલેલ 'લોટસ બ્લૂમ' અને 'ધ બીકન' માટે ઘણો આભાર. પુસ્તકો સારી હાલતમાં અહીં આવ્યાં છે અને અમારી લાયબ્રેરીમાં વૃદ્ધિ થશે.

થોડા વર્ષ પહેલાં 'ચિત્રભાનુ'નું પુસ્તક 'ફાઉન્ટન ઓફ ઇન્સ્પિરેશન' અમને મળ્યું હતું અને મને આજે પણ યાદ છે કે એમના વિચારો અને એ વિચારોને સૌંદર્યભરી રીતે શબ્દોમાં ગૂંથી લેવાની કળાએ મારા ઉપર ઊંડી અસર કરી હતી. માટે આ બે પુસ્તકોને અમે વધાવીએ છીએ.

મુનિશ્રીએ શું આ ત્રણ જ પુસ્તકો લખ્યાં છે? એમના જે પુસ્તકો અમારી પાસે ન હોય તે અમે મંગાવવા ઇચ્છીએ છીએ.

મુનિશ્રીએ મને જે પ્રેરણા આપી છે તે માટે એમના પ્રત્યેનો મારો આદરભાવ વ્યક્ત કરશો. એમનું 'લોટસ બ્લૂમ' હું અત્યારે ઘરે વાંચું છું.

# કવાસ ગામના નામકરણ પ્રસંગે

## બહુજન્ય માન્ય મહાનુભાવોના ઉદ્‌ગાર

માનવસેવા એ પ્રભુસેવા છે, એ અંતરના આનંદ માટે છે. સેવાને વાચા કે શબ્દો નથી છતાં એ સહુને સ્પર્શે જ છે, અને જોનારના અંતરમાંથી પ્રશંસાના ઉદ્‌ગાર સરી પડે છે.

કવાસ–લીમલામાંથી "સુવાસ"નો જન્મ થયો તે પ્રસંગે ઉદ્‌બોધેલા ઉદ્‌ગારો અને ત્યારબાદ "પંચવાણી"ના તંત્રી શ્રી ભીખુભાઇ વ્યાસે તેમના સાપ્તાહિકમાં આપેલો અહેવાલ તેમના જ શબ્દોમાં :–

### જીવનથી સુવાસ પ્રસરાવજો

### : રવિશંકર મહારાજ :

આજના પવિત્ર દિવસે સવારના પહોરમાં ખુશ થઇ જવાય એવો આ યજ્ઞ થઇ રહ્યો છે. આવા પવિત્ર કાર્યમાં ઇશ્વરનો સાથ હોય જ.

રેલ–સંકટની આપત્તી આવી ત્યારે ઘણાંના દિલ ઊંચાં થઇ ગયેલાં. તે વખતે મુંબઈ હું ચિત્રભાનુ મહારાજના દર્શને ગયેલો. તેમણે કહ્યું કે આ કામ માટે રૂપિયા એક લાખ લઈ જજો. પછી ત્યાંના કાર્યકરો અને મિત્રોએ એક આખું ગામ દત્તક લેવાની ઈચ્છા કરી અને આ ગામ અમે સૂચવ્યું.

આ ગામ માટે જે લોકોએ તરત જમીન આપી તેમણે ખૂબ સરસ કામ કર્યું. ઘણા ગામોમાં આ રીતે જમીન મળી નથી માટે જ ત્યાં પૈસાની સગવડ હોવા છતાં છાપરાં બાંધવાનાં બાકી રહી ગયાં. અહીં પણ કાંઇ કાંઇ પ્રશ્નો તો ઊભા થયા. તે થતું રહેવાનું. એ તો ચાલીએ ત્યારે આપણા બે પગ પણ કયારેક ટકરાય છે. મોઢામાં દાંત અને જીભની પણ લડાઇ થાય છે. એવું થાય ત્યારે ઘડીક સમસમીને બેસી રહેવાનું અને પછી આગળ ચાલવાનું.

અહીં કવાસ અને લીમલા બે ગામ જુદાં હતાં તે આ નવા 'સુવાસ' ગામમાં ભેગાં થયાં છે. વળી હળપતિ અને હરિજનો સૌ સાથે ભળ્યા. મૂળ કવાસ ગામનું નામ હવે 'સુવાસ' પાડ્યું છે. પણ કાગળ પર સુવાસ લખીએ એટલે કાંઇ સુવાસ ગામ થઇ જવાનું છે! તમે સૌ ધારો તો સુવાસ ફેલાવી શકો એમ છો. માટે સૌએ સુવાસ ફેલાય એવું જીવન જીવવું જોઇએ. તો 'સુવાસ' નામ સાર્થક થશે અને પછી તેના ફાયદા અંદરથી ઊગશે.

આ ભાઇઓએ આ ગામ ખાતે રૂા. ૫૦,૦૦૦ બેંકમાં મૂકવાનું નક્કી કર્યું છે તે માટે હું તેમને અભિનંદન આપુ છું મને તો હિસાબ ગણતા નથી આવડતો. પણ કહે છે કે આ પૈસામાંથી વર્ષે દહાડે ૩–૩ાા હજાર રૂપિયાનું વ્યાજ આવશે અને તેમાંથી દર વર્ષે ગામનાં સાર્વજનિક કામો થતાં રહેશે. આ પૈસામાંથી વ્યકિતનું નહિ, આખા ગામનું હિત થાય તે જોજો. તમે બધા બચત કરવાની તાલીમ લેજો, વ્યસન છોડજો. પ્રેમથી અને સંપથી રહેજો અને જે મહેનત કરો તે બુદ્ધિ-પૂર્વક કરજો.

### સુરત જિલ્લા પંચાયતની કામગીરીને ભવ્ય અંજલિ

### મહેસૂલમંત્રી : પ્રેમજીભાઈ ઠક્કર

એક નવું ગામ આજે વિધિસર અસ્તિત્વમાં આવે છે તેનો ઉલ્લાસ અને ઉમંગ સૌના મોઢા પર છે.

#### રેલ અને દુષ્કાળની બેવડી આપત્તિ

કેટલાંય ગામોના નકશા થયા. તમારું ગામ તેમાં આવ્યું. ઘણી જગાએ જમીનની મુસીબત આવી. જમીનનો મોહ છોડવો અઘરો છે. પરંતુ

અહીં તે વિષે લોકોએ સારી વૃત્તિનાં દર્શન કરાવ્યાં. આફતને પરિણામે નુકસાન પામેલાઓને એમની પૂર્વની સ્થિતિએ મૂકવાની આપણી નેમ રહી છે અને તેમાં મહદ્ અંશે આપણે સફળ થયાં છીએ.

**સૂરતનો અનોખો દેખાવ**

આપત્તિ વખતે સુરતની પ્રજાએ જે હિંમત અને ધીરજનાં દર્શન કરાવ્યાં છે અને પોતાની આપત્તિ વખતે પણ બીજાને મદદ કરવાની જે વૃત્તિનાં દર્શન કરાવ્યાં છે તેવું બીજે ઓછું જોવા મળ્યું છે.

**દત્તક લેનારની કાયમી જવાબદારી**

સ્થિતિપાત્ર દાતાઓ અને સામાન્ય જનતા પણ સહાયમાં પાછળ પડયાં નથી. મુખ્યમંત્રી-શ્રીના ફાળામાં રૂા. પોણા બે કરોડની વધુ રકમ થઈ ગઈ છે અને ૪૦થી ૫૦ લાખ રૂપિયાની રકમ ઐચ્છિક સંસ્થાઓએ ખર્ચા છે. કવાસ-લીમલામાંથી સુવાસ બનેલા આ ગામ પાછળ પણ તેને દત્તક લેનાર સંસ્થાઓએ લગભગ ૨ લાખ રૂપિયાની રકમ ખર્ચી છે. તે સૌને હું અભિનંદન આપું છું.

આ ગામને આ જે સંસ્થાઓએ દત્તક લીધું છે તેની જવાબદારી ઘણી મોટી છે. ૨૧ વર્ષે વ્યકિતને પુખ્ત મતાધિકારનો હક મળે છે. ત્યાં સુધી તેમના વાલીઓની જવાબદારી વિશેષ છે. આ ગામમાં રસ્તા, નિશાળ, ધર્મશાળા, પંચાયત ઘર, વારિગૃહ આદિ અનેક બાબતો વર્ષેવર્ષ કરવાની આવશે. તે જવાબદારીમાં તમે સૌ ભાગ લેજો. તમારે માટે આવા નાના પ્રોજેકટો અંગે નાણાં ઉઘરાવવાં એ રમત વાત છે. હું પણ આ ગામના ખાતમુહૂર્ત અને ઉદ્દ્ઘાટન બંને પ્રસંગે હાજર રહ્યો છું આથી હું પણ તે રીતે મારી જવાબદારી સ્વીકારું છું.

ગામનું નામ બદલવાની વિધિ ઘણી લાંબી છે. પોસ્ટ ખાતું તો જ્યારે નામ બદલશે ત્યારે બદલશે, પરંતુ તમે તો 'સુવાસ', 'સુવાસ' કરતા રહેજો. તેમાંથી વાતાવરણ સુવાસિત થઈ જશે.

**ગુણોનો સરવાળો કરજો**

શ્રદ્ધા ન બેસે એવી સુંદર રીતે અને ઝડપથી આ ગામની રચના થઈ ગઈ છે. સામાન્ય રીતે ગરીબ વસતિને હલકી જમીનમાં ધકેલવામાં આવે છે. અસ્પૃશ્ય ગણાતી વસતિને તેની પણ પાછળ હડસેલવામાં આવે છે. સમાજમાં આ જૂની કુટેવ છે અને તે રૂઢ થઈ ગઇ છે. અહીં જે રચના થઈ છે તેમાં આ અંગે સારો સુધારો થયો છે. મહાન હરિજન–સેવક શ્રી મામાસાહેબ ફડકે હમણાં આ ગામ જોઇ ગયા. એમને ખૂબ જ સંતોષ થયો. તેમણે ખરા દિલથી પોતાનો સંતોષ પ્રગટ કર્યો. હજી આ રચનામાં સુધારો થઇ શકે. તોપણ એકંદરે સારી રચના થઈ છે.

સર્વત્ર બધી વસતિ એક બીજાની સાથે રહે તો સૌને એકબીજાના ગુણોનો લાભ મળે. હળપતિમાં ગુણ નથી એમ ન માનશો. મૂંગે મોઢે કામ કરવાનો અને શરીર પાસેથી હદ બહાર શ્રમ લેવાનો એમનો મોટો ગુણ છે. બધી વસતિના ગુણોનો સરવાળો થાય તો દેશ ઝડપથી ઊંચો ઊઠે.

ગામ ખાતેની રૂપિયા ૫૦,૦૦૦ ની રકમનો સારો ઉપયોગ કરજો. આ એક ઘણો સારો વિચાર છે. અમે પણ તેના સદુપયોગની જવાબદારી માથે લઈશું. સુવાસ કાંઇ ફૂલોની જ નથી ફેલાતી, જીવનની ફેલાય છે. તે સતત ધ્યાનમાં રાખશો.

: જુગતરામ દવે

## ચોર્યાસી તાલુકાની રેલની મહાઆફત પછી કવાસ – લીમલા ગામોનો કાયાકલ્પ

### સંપાદક પંચવાણી : ભીખુ વ્યાસ

ચોર્યાસી તાલુકાનાં કવાસ–લીમલા ગામોનું સ્થળાંતર અને નવનિર્માણ એ, રેલની આફત પછી જે રાહત અને સેવા યજ્ઞ આરંભાયો તેનું એક ઉજ્જવળ પ્રકરણ છે. રેલ વખતે તાપી-મૈયાએ આ ગામોને જાણે કે પોતાના ઉદરમાં સમાવી લેવા આક્રમણ કર્યું. પરંતુ મનુષ્યની જીજીવિષા અત્યંત સતેજ હોય છે અને આવી આપત્તિ વખતે તેનો સામનો કરવાની આંતરિક તાકાતનો આવિર્ભાવ પણ ત્યારે થતો હોય છે. આ ગામોની આબાલવૃદ્ધ જનતાએ પણ તેવી તાકાતનાં દર્શન કરાવ્યાં અને ૧૦૦૦ની મિશ્ર વસતિનાં ગામોએ મૂળ ગામથી દોઢેક માઇલ છેટે ફરી વસવાનો સંકલ્પ કર્યો. કારણ તાપી-માતાના પ્રકોપમાં આ ગામો આવી જાય એવી પૂરી ત્યાં પરિસ્થિતિ છે.

### નિષ્ઠાપૂર્ણ પ્રયત્નો

કામ ઘણું ગંજાવર હતું. સંકલ્પનો અમલ કરવાના વિચારથી છાતી બેસી જાય તેવું તે હતું. પરંતુ આ યજ્ઞમાં ગ્રામજનો એકલા નહોતા. રાજ્ય સરકાર તેનાં એકેકથી ચઢે એવાં મનોહર યોજના–પુષ્પો લઈ સેવામાં હાજર હતી. યોજના-ઓને અમલી વાગા પહેરાવવા પંચાયત–તંત્રો પણ અત્યંત સક્રિય હતાં. પરંતુ તેટલું પૂરતું થાય એવું નહોતું. પ્રજાનાં હૃદય સાથે તાલ મિલાવીને, તેનું દુઃખ એ જાણે કે પોતાનું દુઃખ છે એવી અનુભૂતિ સાથે તેને ખરી હુંફ તો પ્રજાકીય સેવકો જ આપી શકે. અને આ નવનિર્માણ યાત્રામાં આવી ધર્મબુદ્ધિથી જોડાવા માટે મૂકસેવક શ્રી જુગતરામ દવેના કાર્યકરો વખતસર આવી લાગ્યા.

### માનવતાનો ચમત્કાર :

પરંતુ પ્રજાની તાકાત, સરકારની સહાય અને સેવકોની સેવા માત્રથી ચપટી વગાડતામાં કાંઈ બધા આર્થિક–ભૌતિક પ્રશ્નો નહિ ઊકલી જાય. અને અહીં જ માનવમાં રહેલી માનવતાએ ચમત્કાર સર્જ્યો. માઈલો છેટે વસેલા સુખવાસી મુંબઈગરાઓનાં દિલ, જેમની સાથે એમને કશી સગાઈ નહિ, કશો પરિચય નહિ, અરે જે ગામોનુ નામ પણ બાપ જન્મારામાં એમણે પહેલીવાર સાંભળ્યું તે ગામોની આફતગ્રસ્ત પ્રજા માટે દ્રવી ઊઠ્યાં. દરમિયાન સૌના આદરણીય અને પૂજનીય રવિશંકર મહારાજ ૮૫ વર્ષની ઢળતી ઉંમરે, અનેક ગંભીર માંદગીઓને હાથતાળી દઈને પણ સૂરત જીલ્લામાં આવી બરાબર પલાંઠી વાળીને બેસી ગયા. પરિણામે ચારે તરફથી દાનનો વરસાદ વરસવા લાગ્યો. તૃષાતુર ભોંય તૈયાર હતી. સેવક ખેડૂતો પણ સજ્જ હતા. ત્યાં આ વરસાદ વરસ્યો અને માત્ર કવાસ (નવા નામધારી સુવાસ) નહિ પરંતુ આવા તો અનેક સુવાસિત પુષ્પો ધરતી પર ખીલી ઊઠ્યાં, જૈન મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ અને લોકસેવક શ્રી રવિશંકર મહારાજની પ્રેરણાથી મુંબઈની સેવાભાવી સંસ્થાઓ દિવ્ય જ્ઞાન સંઘ, ફૂટપાથ પાર્લમેન્ટ અને જૈન સ્વયં-સેવક મંડળે કવાસ–લીમ્લા ગામોને દત્તક લેવાનો નિર્ણય કર્યો અને બાજુમાં આવેલી ઊંચી ધરતી પર ગામનું નવસર્જન શરૂ થયું.

આવા આ મુંબઈગરાઓને મૂળ પ્રેરણા મળી, જૈન મુનિ શ્રી ચિત્રભાનુ મહારાજ પાસેથી. સાધુ-સંતોની હજી આ દેશમાં બોલબોલા છે અને તેઓ માત્ર આત્મોન્નતિના સંકુચિત સ્વાર્થમાં સમાજવિમુખ થઈ રચ્યાપચ્યા નહિ રહે, પરંતુ સમાજસેવાને પણ પ્રાધાન્ય આપે તો તેનાં ઘણાં રૂડાં પરિણામો આવી શકે. આમ જૈન મુનિ શ્રી ચિત્રભાનુ મહારાજ અને મહાસેવક શ્રી રવિશંકર મહારાજની પ્રેરણાની ફલશ્રુતિ તે જ આ સુવાસ.

# પુષ્પોના આશીર્વાદ મેળવીએ

કોઇ એમ ન માને કે તડકામાં ફૂલો ચીમળાઇ જાય છે. ખુલ્લી જગ્યામાં, જ્યાં હવાની અવરજવર હોય અને તાપ પડતો હોય ત્યાં ફૂલો આનંદમાં ડોલતાં હોય છે. જેટલો વધુ તાપ તેટલી એની ફોરમ ઉત્કટ! તમે જેને ફોરમ કહો છો તે ખરેખર ફૂલોનો આનંદ જ હોય છે. કુદરત તરફ એ એની કૃતજ્ઞતા જ વ્યકત કરે છે. આવાં ફૂલોને ચૂંટીને ઓરડામાં મૂકવાં અને અરધો કલાક આનંદ લઈને ફેંકી દેવા એ કઈ સંસ્કારિતા છે?

જો તાપમાં ન જવું હોય અને ઘરમાં બેઠાં બેઠાં ફૂલોનો આનંદ લેવો હોય તો નાનકડાં કૂંડામાં ફૂલો ઉગાડો, પછી મનમાં આવે ત્યારે કૂંડાને તમારા અને મહેમાનોના ઓરડામાં લઇ આવો. ફૂલો સાથે આંખો વડે વાતચીત કરો. નાક ફુલાવીને ધન્યવાદ આપો અને તુપ્ત થાઓ કે કૂંડા અને બગીચામાં મૂકી દો કેટલી ખૂબી અને સંસ્કારિતા છે આ રિવાજમાં! હું તો સાચે જ માનું છું કે, મનુષ્ય આ રીતે જો પુષ્પોનો આશીર્વાદ મેળવે તો એ જરૂર દીર્ઘાયુ બનશે, માસુમ ફૂલોનો શાપ લઈને આપણે દીર્ઘાયુ નહીં બની શકીએ.

દીવાનખાનાના ટેબલને સજાવવા આપણે ભાત-ભાતના ફૂલો તોડીને ફૂલદાનીમાં ગોઠવીએ છીએ. દુનિયાભરમાં આજ રીત જોવા મળે છે. આમાં શેનું પ્રદર્શન થાય છે? તમારી રસિકતાનું? ના, ના મારા જેવો ફૂલોનો રખેવાળ કહેશે, ટેબલ પરની ફૂલદાનીમાં જે ફૂલો રાખવામાં આવ્યાં છે તેમનો રંગ, તેમની ફોરમ અને તાજગી તો કુદરતની દેણ છે. તમે એમાં કંઇ નવું કર્યું નથી. તમે તો માત્ર ક્રૂરતા જ આચરી છે કેમ કે તમે જ એને છોડ પરથી ચૂંટીને ફૂલદાનીમાં રહેંસી નાખવાની સજા કરી છે. ફૂલદાનીનાં ફૂલોને રોતાં અને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરતાં મેં જોયાં છે.

ફૂલદાનીમાં જીવતાં ફૂલોનાં શબ બનાવી ન રાખતાં આપણે કાગળનાં કપડાં કે પ્લાસ્ટિકનાં ફૂલો બનાવીને મૂકીએ તો કેવુ સારું! બગીચામાં ચેતનવંતાં ફૂલોની સુંદરતા અને દીવાનખાનામાં મનુષ્યની કલાકૃતિનું પ્રદર્શન! એ રિવાજ વધુ સારો નહીં લાગે! ફૂલદાનીની બાજુમાં આપણે ધૂપદાની રાખીએ કે અગરબત્તી ચલાવીએ તો ઓરડાની હવા સુવાસિત થશે. ધૂપ અથવા અગરબત્તીમાંથી જે ધૂમ્રસેર નીકળે છે તેનો આકાર પણ કેવો કાવ્યમય લાગે છે! કલાકૃતિના પુષ્પો, પાંદડાં અને ધૂપની સુગંધ: આ બધાનું એક સુંદર ગીત જાણે કે આ ધૂપસેરમાથી પ્રગટતું રહે છે!

પુષ્પો કુદરતનાં પ્રસન્ન બાળકો છે. તેમના તરફથી મનુષ્ય જાતિને મારી ખાસ અરજ છે કે પુષ્પસૃષ્ટિ પ્રત્યે આપણે કઠોર ન બનીએ. ફૂલોને જોઇને આપણે આપણાં હૃદયને પણ કોમલ, પ્રસન્ન અને સુવાસિત બનાવીએ અને પ્રકૃતિમાતાના આશીર્વાદ લઈએ.

– કાકા કાલેલકર

---

કચકડાતી અમેરિકન હબસી પ્રજાને જ્યોર્જ કાર્વરે પુરુષાર્થની નવી દિશા ચીંધી હતી. ટસ્કેગી ખાતે આવેલી તેની કબર પર નીચેના શબ્દો ટાંકેલા છે:

“એણે ઇચ્છયું હોત તો કીર્તિ સાથે ધન પણ એના પગમાં આળોટતું હોત, પણ એ બન્નેની અવગણના કરીને, એ દુનિયાને ઉપયોગી બનવાના મહાન કાર્યમાં મગ્ન રહ્યો. એ જ એનો આનંદ અને સુખ હતાં.”

# મૂર્ખ

મૂર્ખ તો તે જ છે, જે પોતાના આત્માને છેતરતી વખતે એમ માને છે કે હું જગતને છેતરું છું.

"સૌરભ"

# Simpleton

Verily a fool is he who rejoices in his thought that he is deceiving the world, while in reality he has been deceiving none but himself !

'from : **Lotus Bloom**'
by : Chitrabhanu

*With best compliments from*

## Jyoti Wire Industries

Makers of Winding Wires, Copper Conductors,
All Aluminium and A. C. S. R. Conductors.

*Works :*

1) Agra Road, Vikhroli,
Bombay–79.
Phone : 581299
2) Sonawala Estate,
Goregaon East,
Bombay–63.
Phone : 692032

*Sales Office :*

164 Kika Street,
Bombay–4.
Phone : 334137

*Admn. Office :*

165 Kika Street,
Bombay–4.
Phone : 334001/336519
Grams : OVERHEAD
Bombay–4.

[કવર બેનું ચાલુ]

સાધ્ય જુએ, નિરપેક્ષ લક્ષ્ય જુએ, સાધનાનો વિષય જુએ, તે પોતાના સમગ્ર જીવનમાં એકતા લાવે, વિશ્વનું સ્પષ્ટ દર્શન મેળવે, ને દુનિયાની સૌથી પ્રબળ પ્રેરણા ને શક્તિ અનુભવે.'

સાધન નહિ પણ સાધ્ય.

લોભ નહિ પણ બલિદાન.

સ્વાર્થ નહિ પણ શરણાગતિ.

સલામતી નહિ પણ સાહસ.

ધર્મ એ સગવડનો વિષય નથી, પડકારનો વિષય છે. એ માણસને સુખની પથારીમાં નહિ, શરશય્યા પર સુવાડે છે. એને આરામ નહિ, કષ્ટ આપે છે. મફત વરદાનો આપતો નથી, ઊલટી સાધના કરાવે છે: એ બહારથી નિયમ લાદીને નહિ, પણ અંદરથી પ્રેરણા આપીને.

ભગવાન પણ કોઇ પારકી વ્યક્તિ નથી; એ માનવીનું સત્ત્વ, ચૈતન્યનો સ્રોત, પ્રાણનો પ્રાણ છે. એનાં દર્શન પામવા 'ઉપર' ને 'બહાર' જોવાનું નહિ, 'અંદર' ને 'ઊંડે' જોવાનું છે. એનો પ્રસાદ લેવા હાથ લાંબો કરવાનો નહિ, હૃદય ખોલવાનું છે. એનો આશીર્વાદ મેળવવા સાદ પાડવાનો નહિ, મૌન રાખવાનું છે. એનું સાંનિધ્ય અનુભવવા દૂર જવાનું નહિ, ઘેર જ રહેવાનું છે. એનું સ્વરૂપ પામવા ઓગળી જવાનું નહિ, પોતે જ થવાનું છે.

દુષ્કર્મની સજા મળે ને સદાચરણનો સંતોષ થાય એ પણ કોઇ શિક્ષક સોટી લઇને આવે ને ચલાવે એ રીતે નહિ, પણ પોતાના મનની પ્રકૃતિ વિરુદ્ધ પોતે એનો ઉપયોગ કર્યો તેથી એ સમસમી ઊઠે, અથવા પોતાના હૃદયના 'ધર્મ' પ્રમાણે પોતે અણીને વખતે વર્ત્યો હતો તેની એ કૃતાર્થતા અનુભવે એ રીતે. ધર્મ અંતરમાંથી સ્ફુરે. ભગવાન ગર્ભદ્વારમાં બિરાજે.

એક સાચા દર્શકે એટલે સુધી કહ્યું છે કે 'જે માણસ જીવનમાં કંઈ નહિ તો અમુક કામ તો દિલ લગાડીને કરે તેને નાસ્તિક કહી ન શકાય.' જેના જીવનમાં કોઈ આધારસ્તંભ હોય, કોઇ આદર્શ હોય, કોઈ આકાંક્ષા હોય; જે એની પ્રેરણા લઇને દિલથી કામ કરે, એના વિચારથી જીવનનો શ્રમ ઉઠાવવા શક્તિ મેળવે, હૂંફ અનુભવે, જિંદગીનો અર્થ બેસાડે એ માણસ આસ્તિક છે, ભકત છે. એનો ધર્મ સાચો; એની શ્રદ્ધા શુદ્ધ. બોલવાની રીત જુદી. વિધિ જુદા, કર્મકાંડ બીજી જાતનું. પણ અસલ ભાવના એની એ જ. નામરૂપનો સવાલ છે, પરિભાષાનો સવાલ છે, દૃષ્ટિબિંદુનો સવાલ છે. આપણે ધર્મનો મર્મ પકડી રાખીએ એ જ જોવાનું છે.

ભગવાનનાં સહસ્ર નામ હોય છે. ~~એમાંથી દરેક~~ યુગને અને એમાં દરેક જૂથને ને દરેક વ્યકિતને ને દરેક અવસ્થાને જે વધુ અનુકૂળ આવે એનો જપ કરવામાં મુક્તિનું વરદાન છે. ❋

'કુમાર'ના સૌજન્યથી

---

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન ઝિંદાદિલ અને વિનોદપ્રિય હતા. એમના વિનોદપ્રિય સ્વભાવની ઝાંખી કરાવતા ઘણા પ્રસંગો છે. પણ આ ઘટના એ પોતે જ બહુ રસથી બીજાને કહેતા.

એક વખત, બે સ્ત્રીઓ વચ્ચે રાજ્યોના અંદરોઅંદરના યુદ્ધમાં કોની જીત થશે એ વિશે ચર્ચા ચાલી. એક સ્ત્રીએ કહ્યું "મને પૂરો વિશ્વાસ છે કે આ યુદ્ધમાં ડેવિસ જેફરસનની જ જીત થશે, કારણ કે તે ઇશ્વર પર વિશ્વાસ રાખનારો, ભલો અને ધાર્મિક પ્રકૃતિનો માણસ છે."

"પણ," બીજી સ્ત્રીએ વિરોધ કર્યો. "અબ્રાહમ પણ ધર્મપ્રિય અને ઇશ્વર પર આસ્થા રાખે છે."

"હા, એ ખરું પણ –" પેલી સ્ત્રીએ ગંભીરતાથી કહ્યું – "ઇશ્વર અબ્રાહમની પ્રાર્થના સાંભળીને એમ માનશે કે એ તો મજાક કરે છે."

---

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન લાઇફ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'કવીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઇ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે